પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૪, અંકઃ૧૫૩, કુલ પાનાઃ૪, તારીખઃ ૨૨-૦૨-૨૦૨૧ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 153 PRICE :-RS. 1.50 DATE : 22-02-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


### ૭ મનપામાં સરેરાશ ૪૧ ટકાથી વધુ મતદાનઃ ૨૩મીએ પરિણામ

# ૭ મહાનગરપાલિકામાં નિરસ મતદાનઃ ભાજપ-કોંગ્રેસ ચિંતાતુર

ગાંધીનગર,

રાજ્યની ૭ મહાનગરપાલિકા અમદાવાદ, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર,સુરતમાં મતદાન યોજાયું હતું. જેમાં નિરસ મતદાન જોવા મળ્યું હતું. અત્યારે લખાય છે ત્યાં સુધી સરારેશ ૭ મનપામાં સરેરાશ ૪૧ ટકા મતદાન નોંધાયું છે. છેલ્લા મળતા આંકડા મુજબ અમદાવાદમાં ૩૮.૭૩ ટકા, વડોદરામાં ૪૨.૮૨ ટકા, સુરતમાં ૪૨.૭૨ ટકા જામનગરમાં ૪૯.૬૪ ટકા, ભાવનગરમાં ૪૩.૬૬ ટકા અને રાજકોટમાં ૪૫.૭૪ ટકા મતદાન નોંધાયું છે. તમામ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા છે. આ ચૂંટણીનું પરિણામ ૨૩ ફેબ્રુઆરી એટલે કે મંગળવારે જાહેર થશે. ત્યારે ખબર પડશે કે ભાજપ સત્તા ટકાવી રાખે છે કે કોંગ્રેસ પરિવર્તન કરે છે. આ ચૂંટણી



પરિણામોની સીધી જિલ્લા-તાલુકા પંચાયતમાં અસર થાય તો નવાઈ નહિ. ૨૮ ફેબ્રુઆરીએ રાજ્યની જિલ્લા-તાલુકા અને નગરપાલિકાની ચૂંટણીઓ માટે મતદાન થવાનું છે. મહાનગરપાલિકામાં નિરસ મતદાન થવાના કારણે ભાજપ-કોંગ્રેસ સહિત રાજકીય પક્ષો ચિંતાતુર બન્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નારણપુરાના અર્બન હેલ્થ સેન્ટર ખાતે પરિવાર સાથે મતદાન કર્યું હતું. અને ભાજપના જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

ભાજપ-કોંગ્રેસના અનેક દિગ્ગજ નેતાઓએ મતદાન કરી લોકોને ભારે મતદાન કરવાની



અપીલ કરી હતી. મુખ્યમંત્રી વિજય રુપાણીએ વોર્ડ નં.૧૦માં અનિલ જ્ઞાન મંદિર સ્કૂલમાં મતદાન કર્યું હતું. અને તેમણે મતદાન બાદ સંબોધિત કરતા જણાવ્યું હતું કે મારી તબિયત માટે પ્રાર્થના કરનાર લોકોનો આભાર વ્યક્ત કર્યો હતો. ગુજરાતનો રિકવરી રેટ પણ ૯૭ ટકાથી વધારે થઈ ચુક્યો છે. ગુજરાતમાં હવે તમામ દર્દીઓ ઝડપથી રિકવર થઈ રહ્યા છે. કોરોના સંદર્ભે ગુજરાત સરકારે ખુબ જ સારી વ્યવસ્થા કરી છે તેવું હું કહેતો હતો પરંતુ હવે તો મે અનુભવ પણ કર્યો છે. અનુભવના આધારે કહુ છું કે ખુબ જ સારી વ્યવસ્થા છે. હાલમાં મતદાન મુદ્દે માત્ર જ વિકાસ મુદ્દો છે. કેન્દ્રની સરકાર નરેન્દ્રભાઈના નેતૃત્વમાં વિકાસ આખા દેશનો કરી રહી છે. રાજ્ય સરકાર ગુજરાતનો વિકાસ કરી રહી છે. મારા શહેરનો વિકાસ મારા ગામનો વિકાસ મારા જિલ્લાનો વિકાસ ભારતીય જનતા પાર્ટી દ્વારા જ શક્ય છે, ભાજપ અને વિકાસ એક બીજાના પર્યાય છે.

તો મતદાન સમયે અનેક જગ્યાએ બોગસ વોટિંગની ફરિયાદો પણ સામે આવી હતી. રાજકોટ અને વડોદરામાં આપના કાર્યકરો સામ સામે આવતા મામલો ગરમાયો હતો. જ્યારે અમદાવાદના મેઘાણીનગરના ભગવતી વિદ્યાલય પાસે ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો સામ સામે આવી જતા બોલચાલી થઈ હતી. મેઘાણીનગર પોલીસ અને એસીપી સહિતનો કાફલો દોડી આવ્યો અને લોકોને દૂર કર્યા હતા. તેમજ ધારાસભ્ય બલરામ થાવાણી પણ દોડી ગયા હતા.

૨૦૧૫ની ચૂંટણીની તુલનાએ આ વખતે ૧૦ જેટલા પક્ષો મેદાનમાં છે, ખાસ કરીને આમ આદમી પાર્ટીએ ૪૧૯ જેટલા ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા હોવાથી જીતના માર્જીન ઘટવાની સાથે સાથે ભાજપના ઉમેદવારને હારનો પણ ભય સતાવી રહ્યો છે. ૬ મનપાના કુલ ૧૪૪ વોર્ડમાં ૫૭૬ બેઠકો માટે હવે ૨૨૭૬ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ જામ્યો છે. જેમાં ભાજપના ૫૭૫, કોંગ્રેસના ૫૬૪, આમ આદમી પાર્ટીના ૪૧૯ અને ૨૨૬ અપક્ષ તથા અન્ય પક્ષોનો સમાવેશ થાય છે.

## વડોદરા અને અમદાવાદ બાદ રાજકોટમાં ખોટકાયું EVM મશીન

ગુજરાતની છ મહાનગરપાલિકાની ચૂંટણી માટે સવારે ૭ વાગ્યાથી મતદાનની શરૂઆત થઈ ગઈ છે. અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા, ભાવનગર અને જામનગર સહિત ૭ મહાનગરપાલિની ચૂંટણી માટે મતદાન યોજાઈ રહ્યું છે. મતદાનને લઈ સવારથી જ લોકોમાં ઉત્જેસાહ જોવા મળી રહ્યો છે. ત્યારે આવામાં કેટલીક જગ્યાએ ઈવીએમ ખોટકાયા હોવાના સામે ચાર સામે આવી રહ્યા છે. વડોદરા, અમદાવાદ અને સુરત બાદ હવે રાજકોટમાં ઈવીએમ ખોટકાયું હોવાનું સામે અવાયું છે. જણાવીએ કે રાજકોટની રાજ સ્કૂલ મતદાન મથકમાં ઈવીએમ ખોટકાયુ છે. ઈવીએમ ખોટકાયા બાદ તેને તાત્કાલિક અસરથી બદલવામાં આવ્યું છે. આ પહેલા વડોદરાના છાણી વિસ્તારમાં વોર્ડ ૧ માં ઈવીએમ ખોટકાયું હતું. સુરતની કેન્દ્રીય વિદ્યાલય ખાતે ૭ નંબર ના બુથ માં ઈવીએમ ખોટકાયું હતું. અમદાવાદના મકરબા વૉર્ડ નંબર ૧૨ ની એવન સ્કૂલ માં ઈવીએમ મશીન ખોટકાતા મતદાન રોકવામાં આવ્યું હતું.

## રાજ્યની ૬ મનાપામાં મતદાનઃ કેટલાક વિસ્તારોમાં વિરોધ અને બોગસ મતદાનની ફરીયાદ

રાજકોટ,

રાજ્યની ૬ મહાપાલિકામાં મતદાન શાંતિપૂર્ણ રીતે મતદાન થયુ. કેટલાક ઠેકાણે વિરોધ અન મારામારીની ઘટના બની હતી. ભાવનગરની મસ્તારામ બાપા શાળામાં ચિત્રા ફુલસર વોર્ડના મતદાન મથક ૨૧ માં બોગસ વોટિંગનો આક્ષેપ કરાયો તો રાજકોટના લક્ષ્મીનગર મેઈન રોડ આમ આદમી પાર્ટીના કાર્યકરો પર હુમલાની ઘટના બની. આ સાથે કાર્યાલયમાં તોડફોડ પણ કરવામાં આવી. આપના ટેબલ



ધક્કામુક્કીમાં તોડી પાડવામાં આવ્યું. અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, જામનગર, ભાવનગર વગેરે જગ્યાએ લોકો સવારમાંથી મતદાન માટે લાઈનમાં લાગ્યા છે. ત્યારે રાજકિય પક્ષો પણ પોતાની તરફેણમાં મતદામ વધારવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. એક તો કોરોનાના કારણે મતદાન ઘણું ધીમું થઈ રહ્યું છે.

જેથી વિવિધ પક્ષોના કાર્યકર્તા મતદાન વધારવા માટે મહેનત કરી રહ્યા છે. તેવામાં રાજ્યમાં વિવિધ જગ્યા પર મતદાન વચ્ચે ઘર્ષણના સમાચાર પણ આવી રહ્યા છે. ખાસ કરીને રાજકોટ અને વડોદરામાં ભાજપ-આપના કાર્યકર્તાઓ વચ્ચે ઘર્ષણ થયું છે. રાજકોટના લક્ષ્મીનગર રોડ પર આપના કાર્યાલયમાં તોડફોડ કરવામાં આવી છે. આપ દ્વારા ભાજપ પર આરોપ લગાવવામાં આવ્યો છે કે ભાજપના કાર્યકર્તાઓએ ઓફિસમાં તોડફોડ કરીને તેમના લોકોને માર્યા છે. આ ઘટના બાદ ભાજપ અને આપના કાર્યકરો સામસામે આવી ગયા છે.

ઘટનાની જાણ થતા જ ઉચ્ચ અધિકારીઓ સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો છે. પોલીસ દ્વારા બંને પક્ષોને શાંત કરાવવામાં આવ્યા છે. સમગ્ર મામલો ઉગ્ર બનતા પોલીસ પણ દોડી આવી હતી. તો વડોદરામાં સાંસદ રંજનબેન ભટ્ટનો કોંગ્રેસના કાર્યકરો દ્વારા વિરોધ કરવામાં આવ્યો. સાંસદ રંજનબેન ભટ્ટે ચૂંટણી પંચના કાર્ડ વગર મતદાન મથકમાં પ્રવેશ કરતા કોંગી કાર્યકરોએ વિરોધ દર્શાવ્યોપ અમદાવાદના પાલડી વોર્ડના ભાજપ ઉમેદવારની પ્રીતિષ મહેતાએ મત કુટીર નજીક ફોટો સેશન કર્યું હતુ..તેમની વર્તણૂંક સામે પ્રશ્નાર્થ થયો છે.મતદાન કરીને રૂમમાં જ વિકટરી સિમ્બોલ દર્શાવ્યો હતો. સોશ્યલ મીડિયા ફોટો વાયરલ થયો હતો.

## મુખ્યમંત્રી રુપાણીનો કોરોના સામે વિજયઃ RT-PCR નેગેટિવ

અમદાવાદ,

થોડા દિવસ પહેલા રાજ્યના મુખ્યમંત્રી વિજય રુપાણી જ્યારે વડોદરામાં એક ચૂંટણી સભાને સંબોધી રહ્યા હતા, ત્યારે તેમની તબિયત અચાનક બગડી હતી. ત્યારબાદ અમદાવાદની યુ એન મહેતા હોસ્પિટલમાં તેનો હેલ્થ ચેકઅપ કરાયો હતો. જેમાં તેમનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેથી વિજય રુપાણીને ત્યાં જ દાખલ કરાયા હતા અને કોરોનાની સારવાર આપવામાં રહી છે.

ત્યારે હવે વા સમાચાર આવી રહ્યા છે કે મુખ્યમંત્રી વિજય રુપાણીએ



કોરોનાને માત આપી છે. આજે સવારે થયેલો તેમનો આરટી-પીસીઆર રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. જેથી વિજય રુપાણી હવે કોરોના મુક્ત થયા છે.

આ પહેલાં ૧૪ ફેબ્રુઆરીએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વડોદરામાં એક સભા સંબોધી હતી. આ ચૂંટણી સભામાં મુખ્યમંત્રીને ચક્કર આવતાં મુખ્યમંત્રી સ્ટેજ પર ઢળી પડ્યા હતા. ત્યાર બાદ મુખ્યમંત્રી સભા ટૂંકાવી રવાના થયા હતા. ત્યાર બાદ મુખ્યમંત્રીની તબિયત સારી થઈ ગઈ હતી. વ્યસ્ત ચૂંટણી કાર્યક્રમના કારણે બ્લડ સ્યૂગર ઘટી ગયું હતું. તેઓ એક પછી એક ચૂંટણી સભા સંબોધી રહ્યા હતા, જેને પગલે થાક અને તણાવને કારણે ચક્કર આવતા સ્ટેજ પર ઢળી પડ્યા હતા. ત્યાર બાદ તેમને અમદાવાદની યુ.એન.મહેતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં બીજા દિવસે તેમનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

## આદિવાસી ક્યારેય હિન્દુ નહોતા અને ના તો છેઃ હેમંત સોરેન

રાંચી,

મુખ્યમંત્રી હેમંત સોરેનએ હાર્વર્ડ ઈન્ડિયા કોન્ફરન્સને વર્ચુઅલ માધ્યમથી સંબોધિત કરી. તેમણે કહ્યું કે આદિવાસી કયારેય હિન્દુ નહોતા અને ના તો હિન્દુ છે. આદિવાસી સમાજ પ્રકૃતિ પૂજક છે અને તેના અલગ રીત-રિવાજ છે. સદીઓથી આદિવાસી સમાજને દબાવામાં આવી રહ્યો છે, કયારેક ઈન્ડિજિન્સ, કયારેય ટ્રાઈબલ તો કયારેય અન્યની અંતર્ગત ઓળખ



થતી રહી. પરંતુ આ વખતની વસતી ગણતરીમાં આદિવાસી સમાજ માટે અન્યની પણ જોગવાઈ હટાવી દેવામાં આવી છે.

હેમંત સોરેને કહ્યું કે વસતી ગણતરીમાં આદિવાસીઓ માટે કોઈ જગ્યા નથી. પાંચ-૭ ધર્મોને લઈ એ બતાવાની કોશિષ કરાઈ છે કે તેમણે તેમાંથી જ એકને પસંદ કરવી પડશે. તેમણે કહ્યું કે રાજ્ય સરકારે કેન્દ્રને આગ્રહ કર્યો કે આગામી વસતી ગણતરીમાં આદિવાસી સમૂહ માટે અલગ કોલમ હોવી જોઈએ, આથી તેઓ પોતાની પરંપરા અને સંસ્કૃતિને સંરક્ષિત કરીને આગળ વધી શકે.

મુખ્યમંત્રી હેમંત સોરેને વધુમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે ૨૦૨૧નું વર્ષ નિમણૂકનું વર્ષ જાહેર કર્યુ છે. જેપીએસસી સહિતની ખાલી જગ્યાઓ ભરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. તેના માટે નિયમાવલી બનાવીને આગળ પગલાં ભરી રહ્યું છે. તેમણે ભાજપની વિચારધારા પર કટાક્ષ કરતાં કહ્યું કે ૮૯ વર્ષના એક સામાજિક કાર્યકર્તા ફાધર સ્ટેન સ્વામીને જેલમાં બંધ રાખ્યો છે. જે વ્યક્તિની યાદશક્તિ જતી રહે છે, વ્યવસ્થિત બોલી નથી શકતો, તેને દેશદ્રોહના કેસમાં જેલમાં રખાય છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે જેએનયુની સ્થિતિ શું છે, એ બધા લોકો જોઈ રહ્યા છે. તેના પર કેટલાંક નેતાઓ એવા આરોપ લગાવે છે પરંતુ તેઓ સંઘર્ષ કરનાર વ્યક્તિ છે, આવી કોશિષને હવે આદિવાસી સમાજ સફળ થવા દેશે નહીં. તેમણે કહ્યું કે દુનિયાભરમાં આદિવાસીઓની ઓળખ બની રહે તેના માટે તેમણે જે પણ ભૂમિકા નિભાવાની જરૂર પડશે તેના માટે તેઓ તૈયાર છે. સાથો સાથે તેમણે હાર્વર્ડ ઈન્ડિયા કોન્ફરન્સના આયોજકોના પ્રત્યે પણ આભાર વ્યક્ત કર્યો અને તેમના મંતવ્યોને આમંત્રિત કર્યા.

## પુડુચેરીમાં રાજકીય જંગઃ મુખ્યમંત્રી નારાયણસામી આજે બહુમત સાબિત કરશે

પુડુચેરી,

પુડુચેરીમાં વી. નારાયણસામી સરકાર સદનમાં બહુમત સાબિત કરે તે પહેલા વધુ એક ઝટકો લાગ્યો છે. ત્યારે કોંગ્રેસ માટે અહીં કપરા ચડાણ જોવા મળી રહ્યા છે. કોંગ્રેસની સરકાર પોતાનો બહુમત ખોઈ ચુકી છે. રાજ્યપાલના આદેશ અનુસાર સોમવારે અહીં સરકારને બહુમત સાબિત કરવાનો થાય છે. કોંગ્રેસ નેતા લક્ષ્મીનારાયણને કહ્યુ હતું કે, કોંગ્રેસમાં તેમની કદર થતી નથી. એટલા માટે તેઓ કોંગ્રેસ છોડી રહ્યા છે.

લક્ષ્મીનારાયણનના રાજીનામા બાદ ૨૭ સભ્યોવાલી પુડુચેરી વિધાનસભામાં કોંગ્રેસના ધારાસભ્યોની સંખ્યા ઘટીને હવે ૧૩ થઈ ગઈ છે અને પાર્ટી પોતાનો



બહુમત ખોઈ ચુકી છે. લક્ષ્મીનારાયણે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યુ હતું કે, તેઓ વરિષ્ઠ નેતાઓના હોવા છતાં પણ મને મંત્રી બનાવામાં આવ્યા નહીં. સત્તાધારી કોંગ્રેસ પાર્ટી પોતાનો બહુમત ખોઈ ચુકી છે. અને હાલના સંકટ માટે મને જવાબદાર ઠેરવી રહી છે. પ્રાપ્ત વિગતો મુજબ જોઈએ કો,એનઆર કોંગ્રેસ અને ભાજપે લક્ષ્મીનારાયણનનો સંપર્ક કર્યો છે. તેમણે પોતાના સમર્થકોને પણ કહ્યુ છે કે, મારી આગામી રણનીતિને લઈને પછીથી જણાવીશ.

પુડુચેરીના ઉપરાજ્યપાલ તમિલિસાઈ સૌંદર્યરાજને વિપક્ષની માગ પર મુખ્યમંત્રી વી. નારાયણસામીને સોમવારના રોજ બહુમત સાબિત કરવા જણાવ્યુ છે. વિપક્ષનો દાવો છે કે, મુખ્યમંત્રી પોતાનો બહુમત ખોઈ ચુક્યા છે. પુડુચેરીમાં સત્તાધારી કોંગ્રેસ પાર્ટી જો સદનમાં પોતાનો બહુમત સાબિત કરવામાંથી ચુકી જશે, તો આગામી ત્રણ મહિના માટે ત્યાં રાષ્ટ્રપતિ શાસન લાગી જશે. કેન્દ્રશાસિત પ્રદેશમાં ત્રણ મહિના બાદ વિધાનસભા ચૂંટણી યોજાવાની છે.

## કોવિડના વધતા કેસ વચ્ચે રાજ્યોને RT-PCR ટેસ્ટિંગ વધારવા કેન્દ્રની સલાહ

ન્યુ દિલ્હી,

દેશમાં ચાલી રહેલા રસીકરણ અભિયાન દરમિયાન દૈનિક સ્તરે કોરોના સંક્રમણના નવા કેસોમાં ચિંતાજનક વધારો આવી રહ્યો છે. જેને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે દેશના તમામ રાજ્યોને RT-PCR ટેસ્ટિંગ વધારવાની અને મ્યૂટેન્ટ સ્ટ્રેન્સ પર સતત નજર રાખવાની સલાહ આપી છે.

વિતેલા દિવસોમાં દેશમાં કોરોના સંક્રમણના કેસોમાં સતત વધારો નોંધાયો હતો, જેમાં ખાસ કરીને મહારાષ્ટ્ર અને કેરળમાં સ્થિતિ વધુ ગંભીર હોવાના રિપોર્ટ સામે આવ્યા હતા. આ સિવાય છત્તીસગઢ, પંજાબ અને જમ્મુ-કાશ્મીરમાં પણ દૈનિક સ્તરે નવા કેસમાં ઉછાળો આવ્યો હતો. આ રાજ્યોને RT-PCR ટેસ્ટિંગમાં વધારો કરવાની સલાહ આપવામા આવી હતી અને જે જીલ્લાઓમાં મૃત્યુઆંક વધુ હોય ત્યાં ક્લિનિકલ વ્યવસ્થાઓ માટે તૈયારી કરવાનું પણ કહેવામાં આવ્યું હતું.

દેશમાં કોરોના સંક્રમણની સ્થિતિ ફરીથી ગંભીર બને નહીં એ માટે કેન્દ્ર સરકાર તમામ રાજ્ય સરકારોને સતત નિર્દેશ આપી રહી છે. આ દરમિયાન સ્વાસ્થ મંત્રાલયે જાહેર કરેલા તાજા આંકડાઓ દર્શાવે છે કે મહારાષ્ટ્ર અને કેરળના કેસ દેશના કુલ આંકડાના ૭૪ ટકા હિસ્સો છે. ગત ચાર અઠવાડિયામાં કેરળમાં સરેરાંશ ૪૨થી ૪૩ હજારની વચ્ચે કેસો સામે આવી રહ્યા છે.

મહારાષ્ટ્રની સ્થિતિ પણ ગંભીર બની રહી છે, મુંબઈ સહિત મુખ્ય શહેરોમાં ઠાકરે સરકારે કોવિડ-૧૯ વિરુદ્ધ નિયમોના ફરજીયાત પાલન પર જોર આપી રહી છે. અહીં સુધી કે અનેક શહેરોમાં રાત્રિ કરફ્યુ જાહેર થવાની સંભાવના છે.


કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

શાહ બકુલ રમેશચંદ્ર

મુ. નવાનદીસર, તા. ગોધરા



કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

શાહ કિરીટકુમાર ઓચ્છવલાલ

મુ. છાવડ, તા. ગોધરા



ગોધરા નગરપાલિકા વોર્ડ નં. ૫ ના કર્મશીલ, સેવાભાવી, જાગૃત, શિક્ષિત, લોકલાડીલા તથા યુવાન અને કાર્યશીલ અપક્ષ ની પેનલ ના ઉમેદવારો

રાજેશકુમાર વિઠ્ઠલદાસ દરજી (રાજુ દરજી)

તથા

સંજય ચંપકલાલ સોની

ને સેવાની ફરી એક તક આપવા વિનંતી.

આપનો મત સાચા અર્થમાં વિકાસને મત

| અનુ. નં. | ઉમેદવાર | ઉમેદવારનું નામ | નિશાન | બટન |
| --- | --- | --- | --- | --- |
| ૧૧ |  | રાજેશકુમાર વિઠ્ઠલદાસ દરજી (રાજુ દરજી) | | |
| ૧૬ |  | સંજય ચંપકલાલ સોની | | |

મતદાન તારીખ : ૨૮/૦૨/૨૧, રવિવાર

સમય : સવારે ૭ : ૦૦ થી સાંજના ૬ : ૦૦ સુધી

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## મહીસાગર જિલ્લા-તાલુકા પંચાયતના ચૂંટણી અધિકારીઓ અને નોડલ અધિકારીઓ સાથે યોજાયેલી સમીક્ષા બેઠક



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, ગાંધીનગર ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડના મેનેજીંગ ડીરેક્ટર અને મહીસાગર જિલ્લો/તાલુકા પંચાયત સામાન્યર ચૂંટણી–૨૦૨૧ના ચૂંટણી નિરીક્ષક જી. પી. બ્રહ્મભટ્ટે આગામી તા.૨૮–૨૦૨૧ના રોજ યોજાનારી મહીસાગર જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ–૨૦૨૧ સંદર્ભેના ચૂંટણી અધિકારીઓ અને આદર્શ આચારસંહિતાના ચૂસ્ત અમલીકરણ માટે રચવામાં આવેલ વિવિધ કમિટિઓના નોડલ અધિકારીઓ સાથે યોજાયેલી બેઠકમાં જિલ્લામાં ચૂંટણી પ્રક્રિયા મુકત, નિષ્પક્ષ, ન્યાયી અને શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે જોવાનો ચૂંટણીલક્ષી કામગીરી સાથે સંકળાયેલા તમામ અધિકારીઓને ખાસ અનુરોધ કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

મહીસાગર જિલ્લા કલેક્ટરાલય ખાતે યોજાયેલી સમીક્ષા બેઠકને સંબોધતા ચૂંટણી નિરીક્ષક બ્રહ્મભટ્ટે સંબંધિત અધિકારીઓને સોંપાયેલી જે તે કામગીરી સમયાંતરે તબક્કાવાર હાથ ધરાય તે સુનિશ્ચિત કરવાની સાથે આ કામગીરી ક્ષતિરહિત નિયત સમય મર્યાદામાં પૂર્ણ થાય તે જોવા પર ભાર મૂક્યો હતો.

તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ જિલ્લામાં યોજાનારી ઉક્ત સામાન્ય ચૂંટણીઓ માટે કોવિડ–૧૯ ની માર્ગદર્શિકા મુજબ તમામ મતદાન મથકો મતદાનના આગલે દિવસે સંપૂર્ણપણે સેનેટાઇઝડ કરવામાં આવ્યાજ બાદ જ ફરજ પરની મતદાન ટુકડીઓ મતદાન મથકમાં પ્રવેશે તેની તકેદારી રાખવા કહ્યું હતું. તેમણે તમામ મતદાન મથકો ઉપર મતદારો માટે ટેમ્પરેચર માપવા માટે થર્મલગન, માસ્ક, હેન્ડગ્લોઝ, સેનેટાઇઝર સહિતની જરૂરી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા અને કોરોના પોઝીટીવ દર્દી કે ક્વોરન્ટાઇન હેઠળના મતદાર જો મતદાન કરવા ઈચ્છતા હોય તો તેના માટે પી.પી.ઈ. કીટની સુવિધા સહિતની વિવિધ સુવિધાઓ ઉપલબ્દ રહે તે જોવા સુચવ્યુંર હતું.

મહીસાગર જિલ્લામાં યોજાનાર જિલ્લા–તાલુકા પંચાયતની સામાન્યુ ચૂંટણીઓના મતદાનમાં તમામ મતદારો કોઈપણ જાતના ભય વિના નિર્ભયપણે અચુક મતદાન કરે અને કાયદો–વ્યવસ્થાાની પરિસ્થિતિ જળવાઈ રહે તે જોવા પણ તેમણે અનુરોધ કર્યો હતો.

આ બેઠકમાં ઉપસ્થિત રહેલ તમામ ચૂંટણી અધિકારીઓ અને વિવિધ કમિટિઓના નોડલ અધિકારીઓ પાસેથી જિલ્લા ચૂંટણી નિરીક્ષક બ્રહ્મભટ્ટે આજદિન સુધી થયેલી કામગીરી અને હવે પછીના દિવસોમાં થનારી કામગીરીની પણ વિગતવાર જાણકારી મેળવી તમામ વિગતોની વિગતવાર સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન પુરૂં પાડયું હતું.

આ બેઠકમાં રાજય ચૂંટણી આયોગના નોડલ અધિકારી અને નિવાસી અધિક કલેકટર આર. આર. ઠકકર સહિત જિલ્લા–તાલુકા પંચાયતની સામાન્ય ચુંટણીના તમામ ચૂંટણી અધિકારીઓ અને વિવિધ કમિટિઓના નોડલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત બાકોર ખાતે યોજાયેલ બાઈક રેલી



લુણાવાડા, મહીસાગર જિલ્લા માં આગામી ૨૮મી ફેબ્રુઆરી–૨૦૨૧માં જિલ્લાન પંચાયતની ૨૮ બેઠકો અને જિલ્લામાં સમાવિષ્ટ છ તાલુકા પંચાયતની ૧૨૬ બેઠકોની સામાન્ય ચૂંટણી યોજાવાની છે. ત્યારે આપણા સૌ નો એક જ નિર્ધાર બાકી ન રહે કોઈ મતદાર... આ હેતુને સાકાર કરવા અને સો ટકા મતદાન થાય અને લોકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીને વધુ મજબુત બનાવે તે માટે મહીસાગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર આર. બી. બારડના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા મતદાન જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહયું છે.

મતદાન જાગૃતિ અભિયાનના ભાગરૂપે સ્વીપના નોડલ અધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારી પી. એન. મોદી દ્વારા મહીસાગર જિલ્લામાં જિલ્લાવ પંચાયત અને તાલુકા પંચાયતની સામાન્યા ચૂંટણીને અનુલક્ષી મતદાર જાગૃતિ માટે COVID-19 ની ગાઇડ લાઇનને અનુસરીને ખાનપુર તાલુકાના મથક બાકોર ખાતે બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બાઈક રેલીને ખાનપુર મામલતદાર હરેશ મકવાણાએ કે.એમ.દોશી હાઈસ્કુલ બાકોર ખાતે થી લીલીઝંડી બતાવી પ્રસ્થા ન કરાવ્યું હતું.

આ બાઈક રેલીને બાકોર કે.એમ.દોશી હાઇસ્કુલ ખાતે થી શિક્ષકો દ્વારા બાઇક રેલી કાઢવામાં આવી હતી. જેમાં બાઇક સવાર શિક્ષકોએ મતદાન જાગૃતિ માટેના પ્લે કાર્ડ સાથે જોડાયા હતા અને મતદાતાઓને પોતાના પવિત્ર મતાધિકારનો ઉપયોગ કરી સો ટકા મતદાન કરવાનો સંદેશો પાઠવ્યો હતો. આ બાઇક રેલી બાકોર કે.એમ.દોશી હાઇસ્કુલ ખાતે થી શરૂ થઈ બાકોર ગામ,પંડરવાડા ગામના જાહેર માર્ગો થી પસાર થઇ પૂર્ણ થઇ હતી. આ બાઇક રેલીએ ગ્રામજનો અને મતદારોમાં આકર્ષણ જમાવ્યું હતું. આ બાઇક રેલીમાં મોટી સંખ્યામાં શિક્ષકોએ ઉત્સાહભેર જોડાઇને મતદાન જાગૃતિ અભિયાનને સાર્થક બનાવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી પી એન મોદી તેમજ શિક્ષકો જોડાયા હતા.

## મોટા સોનેલા ARTO કચેરી મહીસાગર ખાતે ૩૨માં રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહનો સમારોહ યોજાયો




લુણાવાડા, ભારત સરકારના માર્ગ અને પરિવહન મંત્રાલય નવી દિલ્હી પ્રેરીત ગાંધીનગર વાહન વ્યવહાર કમિશનરની કચેરી દ્વારા સમગ્ર રાજ્યમાં ૩૨મા રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.તે અંતર્ગત મહીસાગર જિલ્લામાં પણ ૩૨મા રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવેલ તે સંદર્ભે વિવિધ વિભાગો દ્વારા થયેલ વિશિષ્ઠ કામગીરીને બિરદાવવા માટે મોટા સોનેલા એ.આર.ટી.ઓ કચેરી મહીસાગર ખાતે એ.આર.ટી.ઓ અધિકારી વિપુલ ગામીતના અધ્યક્ષ સ્થાને અને સંબધિત વિભાગના અધિકારીઓની ઉપસ્થિતમાં ૩૨મા રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહ સમારોહ યોજાયો હતો.

આ પ્રસંગે એ.આર.ટી.ઓ અધિકારી વિપુલ ગામીતે જણાવ્યું હતુ કે, એક્સીડેન્ટ અને ઈન્સીડેન્ટમાં એક્સીડેન્ટને નિવારી શકાય છે આ અકસ્માતો નીવારવા માર્ગ સુરક્ષાના નિયમોનું પાલન કરવું જોઈએ. નાની ઉંમરના બાળકો દ્વારા વાહન ચલાવવા, ભય સ્થાનો, સીટ બેલ્ટ અને ટ્રાફિક નિયમન રોડસાઇનેજીસની સમજ તથા જનજાગૃતિની વિસ્તૃત માહિતી આમ નાગરિકો સુધી પહોંચાડવા માટે મહીસાગર ટ્રાફીક પોલીસ, ૧૦૮ ઈમરજન્સી ટીમ, એલ.એન.ટી કંપની ટીમ તેમજ એ.આર.ટી.ઓ કચેરીના અધિકારીઓ દ્વારા થયેલ કામગીરીને બિરદાવી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ સમારોહમાં વિશિષ્ઠ કામગીરી કરનારા વિભાગોમાં ૧૦૮ ટીમ જીવીકે ઈએમઆરઆઇ સંસ્થાને, એલ.એન.ટી કંપની ટીમ તેમજ ટ્રાફિક પોલીસ ટીમને બિરદાવી મોમેન્ટો અને પ્રમાણપત્ર મહાનુભાવોના હસ્તે એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ટ્રાફિક પોલીસ અધિકારી ખાંટ, એ.આર.ટી.ઓ કચેરીના અધિકારીઓ તેમજ સંબધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## રાષ્ટ્રીય કક્ષાના રમકડાં મેળામાં સમગ્ર મહીસાગર જીલ્લાનું ગૌરવ


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ, કાપડ, એમ.એસ.એમ.ઈ. તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા આગામી ૨૮ ફેબ્રુઆરીથી રાષ્ટ્રીય કક્ષાએ વર્ચ્યુઅલ રીતે ઉજવાનાર છે.

જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર અને ડાયેટ સંતરામપુર આયોજિત પ્રથમ રમકડાં મેળો ક્રમશઃ ક્લસ્ટર કક્ષા, તાલુકા કક્ષા, જીલ્લા કક્ષા અને રાજય કક્ષાએ યોજાઈ ગયેલ. જેમાં કુલ પાંચ વિભાગ અને છ કેટેગરીમાં સમગ્ર મહીસાગર જીલ્લાની કુલ ૧૩૩ કૃતિઓ પૈકી રાજ્ય કક્ષાએ ૨૧ કૃતિઓ પસંદગી પામેલ અને રાજ્ય કક્ષાની કુલ ૨૧ કૃતિઓ પૈકી રાષ્ટ્રીય કક્ષાના રમકડાં મેળા માટે મહીસાગર જીલ્લાની બે કૃતિઓ પસંદ કરવામાં આવેલ.

જી. સી.ઈ.આર.ટી. ગાંધીનગર દ્વારા આયોજિત પ્રથમ વર્ચ્યુઅલ રમકડાં મેળામાં રાજયના મૂલ્યાંકનકારોની અધ્યક્ષતામાં ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં શૈક્ષણિક કીટ્સ કેટેગરીમાં સંતરામપુર તાલુકાની ચિતવા પગાર કેન્દ્રની પટેલ ફળિયા વર્ગ બુગઢ પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક રમેશકુમાર બદામીલાલ ચૌહાણ દ્વારા બ્રેઈલ આધારિત જાદુઈ સાપસીડી અને બ્રેઈલ આધારિત જાદુઈ ચક અને ભૌતિક રમકડાં કેટેગરીમાં લુણાવાડા તાલુકાની મોહિયાના તળાવ પ્રાથમિક શાળાના દર્શનાબેન પટેલ દ્વારા તૈયાર કરવામાં આવેલ કેરમ બોર્ડ કૃતિ રાજ્ય કક્ષાએ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી રાષ્ટ્રીય કક્ષા માટે પસંદગી પામેલ છે.

આ બંને કૃતિઓ ૨૮ ફેબ્રુઆરીએ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસે યોજાનાર રાષ્ટ્રીય કક્ષાના ઓનલાઈન ટોય ફેરમાં રાજયનું પ્રતિનિધિત્વ કરશે. રાષ્ટ્રીય કક્ષાના રમકડાં મેળામાં સ્થાન પ્રાપ્ત કરી તેમને સમગ્ર મહીસાગર જીલ્લાનું ગૌરવ વધારેલ છે. આ અસાધારણ સિદ્ધિ બદલ સંતરામપુર ડાયેટનો પ્રાચાર્ય ડો.એ.વી. પટેલ, કન્વીનર કે.એસ.પટેલ, બી.આર.સી કો.ઓ સંતરામપુર ભરતભાઈ પટેલ અને બી.આર.સી. કો ઓ લુણાવાડા વિનોદભાઈ પટેલ, જિલ્લાના સ્કૂલ ઈસ્પેક્ટર્સ (એસ.આઈ) અને રમકડાં મેળાના નિર્ણાયક ઈમરાનભાઈ વિજાપુરા, અજયસિંહ સોલંકી, જીગરભાઈ પંડયા અને અન્ય નિર્ણાયક એવા શૈલેષભાઈ પટેલ અને પારૂલબેન એ.પટેલ તથા સૌ સી.આર. સી. મિત્રો દ્વારા ખુબ ખુબ શુભ કામનાઓ પાઠવવામાં આવેલ.

## મહીસાગર જિલ્લામાં આજે ૧ પોઝિટિવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં લુણાવાડા તાલુકાનાં ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૧–૦૨–૨૦૨૧ના સાંજના ૪–૩૦ વાગ્યા સુધીમાં ૨૦૫૨ કેસ પોઝીટીવ નોધાયા છે. જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૯૭૪ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૫ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફ્લુ/ કોરોનાના કુલ ૧૨૮૮૪૮ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૬ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૮ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૨૩ દર્દી હોમ આઇસોલેશન અને ૦૨ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૨૯ દર્દીઓ સ્ટેબલ અને ૦૪ દર્દીઓ ઓક્સિજન પર છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૨૨-૦૨-૨૦૨૧, સોમવાર, મહા સુદ-૧૦, સૂર્યોદય-૬-૫૩, સૂર્યાસ્ત-૬-૧૬, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : કન્યા (પ.ઠ.ણ.), નક્ષત્રઃ ભરણી

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## શહેરામાં નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં ખરાખરીનો જંગ જામશે

શહેરા, જોકે તાલુકા પંચાયતની ચાર બેઠકો પર ભાજપ–કોંગ્રેસની સાથે અપક્ષના ઉમેદવારો પણ મેદાનમાં હોવાથી ચાર બેઠકો પર ત્રિપાંખીયો જંગ જામશે. જયારે નગરપાલિકાની ચુંટણીમાં ભાજપ અને અપક્ષ વચ્ચે રસાકસીનો જંગ જામશે. હાલ સમગ્ર રાજયમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને તમામ પક્ષો પોતાના ઉમેદવારોને જીતાડવા માટે એડીચોટીનું જોર લગાવીને પ્રચાર પ્રસાર લાગી ગયા છે. તે જ પ્રકારે પંચમહાલ જિલ્લાના શહેરામાં સમાવેશ થતી જિલ્લા પંચાયતની ૪ બેઠકો અને તાલુકા પંચાયતની ૧૯ બેઠકો માટે ભાજપ–કોંગ્રેસના ઉમેદવારો મેદાનમાં છે. જ્યારે તાલુકા પંચાયતની ૧૯ બેઠકો પૈકીની ચાર બેઠકો પર અપક્ષના ઉમેદવારો પણ મેદાનમાં ઉતર્યા છે. તો નગરપાલિકાની ચૂંટણીમાં માત્ર ભાજપ અને અપક્ષના ઉમેદવારો ચુંટણી મેદાનમાં છે. ત્યારે આ તમામ સંસ્થાઓની ચૂંટણીમાં રાજકીય પક્ષો અને સમર્થકો દ્વારા પોતાના ઉમેદવારોને વિજયી બનાવવા માટે પુરજોશમાં પ્રચાર પ્રસાર શરૂ કરી દેવાયો છે અને ગામેગામ મીટીંગો તેમજ ઘરે–ઘરે જઈ મતદારોને મનાવીને પોતાના ઉમેદવારોને વિજય અપાવવા માટે મતદારોને પ્રલોભનો આપતા હોય તેવું જણાય છે અને છેલ્લા દિવસે મતદારોને પોતાની તરફ આકર્ષિત કરવા માટે જે તે ઉમેદવાર તેમજ તેમના સમર્થકો દ્વારા મતદારોને દારૂ અને પૈસાના પ્રલોભનો આપીને મતદારોને ખરીદવાના પ્રત્યનો પણ ચાલશે તેવું પણ જણાય છે. તો મતદારો પાસેથી મત મેળવ્યા બાદ મતદારોના કામો કરવાનું ભૂલીને પોતાનો વિકાસ કરવામાં લાગી જશે અને પછી પાંચ વર્ષ બાદ ફરી ચૂંટણી આવશે ત્યારે પણ આ જ પ્રકારે મતદારો પાસે આવીને પ્રલોભનો આપીને વોટ મેળવી લેશે તેવું જણાય છે. હવે જોવું રહ્યું કે મતદારો કયા પક્ષના અને કેવા ઉમેદવારોને વિજય બનાવે છે. તે તો ચૂંટણી પરિણામ બાદ જ ખ્યાલ આવશે.

## ગોધરા અતિથી હોટલમાં રોકાયેલ સુરત કતાર ગામના યુવાનનો મૃતદેહ મળતા પોલીસ ઘટના સ્થળે પહોંચી

ગોધરા, ગોધરા અતિથી હોટલમાં સુરત કતાર ગામનો ૩૬ વર્ષીય યુવાન ૬ દિવસ થી રોકાયેલ હતા. હોટલ સ્ટાફના માણસ પાણીની ટાંકી ખાલી થઈ જતાં રૂમમાં ગયો હોય ત્યારે યુવાનનો મૃતદેહ મળી આવતાં પોલીસને જાણ કરાઈ પોલીસે મૃતદેહ મળી આવતાં પોલીસને જાણ કરાઈ પોલીસે મૃતદેહ હોસ્પિટલમાં મોકલી આપી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા અતિથી હોટલમાં સુરત કતાર ગામ વિસ્તારમાં રહેતા વિપુલભાઈ કાકડીયા ઉ.વ.૩૦ ૬ દિવસની હોટલમાં રોકાયેલ હતા. હોટલમાં પાણીની ટાંકી ખાલી થઈ ગયેલ હોય જેને લઈ હોટલ સ્ટાફના માણસ વિપુલ કાકડીયાની રૂમમાં ગયો હતો. ત્યારે યુવાનનો મૃતદેહ રૂમમાં નીચે પડી રહેલ હોય આ બાબતે હોલ દ્વારા એ ડીવીઝન પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસ ઘટના સ્થળે પહોંચીને યુવાના મૃતદેહનો કબ્જો મેળવીને પી.એમ.અર્થે હોસ્પિટલમાં મોકલી આપવામાં આવ્યો. સુરત કતાર ગામનો યુવાન કરીયાણાનો વેપારી હોવાની શકયતા છે. આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## ઘોઘંબાના ગલીબિલી ગામેથી પોલીસે કાર માંથી ૮૦ પેટી દારૂ ઝડપી

ઘોઘંબા, સ્ટેટ વિજિલન્સ ની ટીમે એક બોલેરો કારનો પીછો કર્યો હતો જે બોલેરો ઘોઘંબા તાલુકાનાં ગલીબિલી ગામ તરફ વળી જતાં વિજિલન્સના હાથે ઝડપાઇ ગઈ હતી.

પ્રાપ્ત માહિતી મુજબ સાગટાળા તરફ થી આવતી બોલેરો કાર નં. જીજે ૨૦ એન.૫૩૦૩ નો પીછો કરતાં કાર ઘોઘંબા ના ગલીબિલી તરફ વળી જતાં આગળ રસ્તો ન હોવાથી વિજિલન્સના હાથે ઝડપાઈ ગયા હતા.


ગાડીની તલાસી લેતા તેમાથી અંદાજે ૮૦ પેટી જેટલો વિદેશી શરાબનો જથ્થો મળી આવ્યો હતો. શરાબનો જથ્થો રાજગઢ પોલીસ મથકે સોપી આરોપી સામે કાયદેસરની ફરિયાદ નોધવામાં આવી હતી. ચુંટણી ટાણે આવેલો આ જથ્થો કોનો હતો અને ક્યાં લઈ જવાનો હતો, તેની તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

## ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય યુવા પુરસ્કાર સન્માનિત સર્જક ઉપર એમ.ફિલ ની પદવી પ્રાપ્ત કરી



ગોધરા, ભારત સરકાર દ્વારા દર વર્ષે દરેક ભાષાઓમાંથી એક સર્જકને રાષ્ટ્રીય યુવા પુરસ્કાર દ્વારા સન્માનિત કરવામાં આવે છે જેમાં વર્ષ ૨૦૧૫માં ડોક્ટર રાજેશ વણકરને તેમના 'માળો' વાર્તાસંગ્રહ માટે સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સર્જકનો કાવ્યસંગ્રહ 'તરભેટો' નામે પ્રસિદ્ધ છે આ સિવાય તેમનો બીજો વાર્તાસંગ્રહ 'ઝાયણી' નામે આવી રહ્યો છે. આ સર્જકના ૧૭ જેટલા પુસ્તકો પ્રસિદ્ધ છે તેમના વિશે તાજેતરમાં શહેરા તાલુકાના નાનકડા ગામના ભુપેન્દ્ર વણકર એમ ફિલનો સંશોધનગ્રંથ લખીને શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરા દ્વારા એમ.ફિલ ની પદવી પ્રાપ્ત કરેલ છે. તેઓએ તેમના સંશોધન ગ્રંથમાં આ સર્જકના નાનકડા ગામમાંથી થયેલા રાષ્ટ્રીય કક્ષાના વિકાસને બિરદાવ્યો છે. તેમના વાર્તાસંગ્રહમાં આવતા નારી જીવનના પ્રશ્નો, દલિત જીવનના પ્રશ્નો, આધુનિક જીવન પદ્ધતિના કારણે ઊભા થતાં પ્રશ્નો, આરોગ્ય, શિક્ષણ, પર્યાવરણ વગેરેના કારણે થતા પ્રશ્નો આ બધું જે તેમની વાર્તાઓમાં આવે છે તેને સંશોધિત કરી ને તેમના થિસીસમાં આવરી લીધું છે. તેમના સંશોધનગ્રંથમાં તેઓએ ખૂબ જ જહેમતપૂર્વક પોતાની સંશોધનદ્રષ્ટિ વડે સાહિત્ય અને સમાજને ઉપયોગી એવું ભાથું પુરૂં પાડયું છે. તેમણે બાલાસિનોર કોલેજના પોફેસર ડો.એ.વી. પટેલના માર્ગદર્શન હેઠળ એમ ફિલની ડિગ્રી પ્રાપ્ત કરી છે. તેમના કો ઓડિનેટર તરીકે આચાર્યશ્રી ડો. દિનેશ માછીએ અગત્યની ભૂમિકા અદા કરી છે. પંચમહાલના રાષ્ટ્રીય કક્ષાના સન્માનિત આ સર્જક ઉપર થયેલા સંશોધનને પંચમહાલના સર્જકો, વિવેચકો અને સાહિત્યપ્રેમીઓ બિરદાવી રહ્યા છે.

## હાલોલ કુમારશાળામાં સાયન્સ કલબ અને ઈકો કલબ દ્વારા બાળકો માટે ઓનલાઈન સ્પર્ધાનું આયોજન



હાલોલ, કુમારશાળા હાલોલ સાયન્સ કલબ અને ઈકોક્લબ દ્વારા ધોરણ ૧ થી ૮ ના બાળકો માટે ઓનલાઈન સ્પર્ધા ''મી એન્ડ માય પ્લાન્ટ '' નું આયોજન સાયન્સ ટીચરના માર્ગદર્શનથી સમગ્ર સ્ટાફની મદદ લઈ કરવામાં આવ્યું હતું.જેમાં દરેક ધોરણના વિદ્યાર્થીઓએ ખૂબજ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને પોતાના છોડ સાથે પોતાના વર્ગશિક્ષકને ફોટોગ્રાફ મોકલ્યા હતા સાથે દરેક વર્ગશિક્ષકે પણ વનસ્પતિ જતન તેમજ ગ્લોબલ વોર્મિંગ વિશે પણ બાળકોને સમજ આપી.આ સ્પર્ધામાં પ્રથમ આવેલ દરેક ધોરણના બાળકને આપવામાં આવેલ ઈનામ એ એક પેન્સિલ હતી પણ એ કોઈ સામાન્ય પેન્સિલ નહીં પણ એવી – પેન્સિલ જે બાળકના મનમાં પર્યાવરણના જતનનું બીજ વાવી જાય. જે ઈનામ રૂપે આપેલી પેન્સિલની વિગતો આ મુજબ છે. સ્કૂલોમાં બાળકોને લખવા માટેની પેન્સિલ શેમાંથી બને છે તેવો પ્રશ્ન કોઈ કરે તો જ તેનો સીધો જવાબ વૃક્ષ છે. વૃક્ષમાંથી પેન્સિલ બને છે, પરંતુ તે પેન્સિલથી વૃક્ષ બને છે તે વાત માન્યામાં ન આવે તેવી છે પરંતુ પેન્સિલમાંથી વૃક્ષો વાવવાની વાત કરીએ તો તે માન્યામાંના આવે પણ એ પણ શક્ય છે અને તે પણ નવી પેઢીના બાળકોના હસ્તે વૃક્ષો વાવવામાં આવે તો અને બાળકોના મનમાં જે બીજ રોપાય પર્યાવરણના જતનનું આવી પ્રવૃત્તિરૂપે એ તો આવનારી પેઢીને પણ સમૃદ્ધ કરી દે.વળી આ પેન્સિલ રિસાયકલ કરેલા કાગળમાંથી બનાવેલ છે.બાળકો સ્કૂલમાં લખવા માટે પેન્સિલનો ઉપયોગ કરે અને તે પેન્સિલ ઘસાઈ જાય ત્યારે બાકી વધતોપેન્સિલનો ભાગ એટલેકે બીજા છેડે જુદા જુદા વૃક્ષ, છોડ, સુપનાં બીજ ચોક્કસ પદ્ધતિથી મુકવામાં આવ્યાં છે. ઉપરાંત પેન્સિલમાં ક્યાં ઝાડ, છોડ, ક્ષુપનાં બીજ છે એ પણ લખવામાં આવેલ છે. ગ્લોબલ વોર્મિંગ અને પ્રદુષણપ્રત્યે જાગૃતિ કેળવવી, વૃક્ષોનું જતન અને પેપર રિસાયકલીંગ કરી તેનો પછી ઉપયોગ ... વગેરે પર્યાવરણલક્ષી બાબતોને બાળક માનસપટલ પર લાંબા ગાળાની હકારાત્મક અસર ઉપજાવતી એવી આ મલ્ટી પરપઝ એકટીવીટી આશા છે કે બાળકો સાથે પર્યાવરણપ્રેમી લોકો માટે પણ પ્રેરણાદાયક અને ઉદાહરણીય બને.

## દૈનિક રાશીફળ

તા.૨૨.૦૨.૨૦૨૧ સોમવાર

મેષ (અ.લ.ઈ.) :- પરદેશથી સુભ સમાચાર મળે. આવકનું પ્રમાણ જળવાઈ રહે. આકસ્મિક ધન લાભ થાય.

વૃષભ (બ.વ.ઉ.) :- કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે. વારસાગત મિલકતની પ્રાપ્તિ થાય. મિત્રોના સહકાર મળી રહે.

મિથુન (ક.છ.ઘ.) :- ઈષ્ટદેવની ઉપાસનાથી રાહત થાય. ધાર્મિક પ્રવાસ થાય. કુટુંબસુખ મળે. પરદેશથી શુભ સમાચાર મળે.

કર્ક (ડ.હ.) :- નોકરિયાતને ઉપરી અધિકારીનું માર્ગદર્શન મળી રહે. આરોગ્યની સારસંભાળ રાખવી.

સિંહ (મ.ટ.) :- બુદ્ધિ-વિવેકથી કાર્યસિદ્ધ થાય. વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી બને. શેરબજારમાં લાભ થાય.

કન્યા (પ.ઠ.ણ.) :- નોકરીમાં બદલી-બઢતીની શક્યતા રહે. સમય સુભ ફળદાયી બને. અભ્યાસમાં પ્રગતિ.

તુલા (ર.ત.) :- વારસાગત મિલકતના પ્રશ્નો ઉકેલાય. કુટુંબ સુક જળવાઈ રહે. માનસિક ચિંતા હળવી.

વૃશ્ચિક (ન.ય.) :- સટ્ટાકીય બાબતોમાં સંભાળવું વડીલોનું માર્ગદર્શન મળી રહે. માનસિક ચિંતા હલવી બને.

ધન (ભ.ધ.ફ.ઢ.) :- જમીન - મકાન વાહનયોગ, આવકનું પ્રમાણ જળવાઈ રહે. ધંધાકીય શુભ સમય રહે.

મકર (ખ.જ.) :- જમીન, વાહન, મકાનના યોગ બને. નાણાંકીય સ્થિતિ મજબૂત બને. આરોગ્ય સુખાકારી સારી રહે.

કુંભ (ગ.શ.સ.) :- પરદેશ સંબંધી શુભ સમાચાર મળે. સંતાનસુખ ઉત્તમ. વિવાદો સંબંધી પ્રશ્નો હલ થાય. વારસાગત મિલકતના પ્રશ્નો હલ થાય.

મીન (દ.ચ.ઝ.) :- નોકરીમાં બદલી-બઢતીની શક્યતા રહે. સમય સુભ ફળદાયી બને. અભ્યાસમાં પ્રગતિ.

# દાહોદ પાલિકાના તમામ વોર્ડમાં ઉમેદવારોની વધુ સંખ્યા કયા પક્ષનું ગણિત બગાડશે

દાહોદ,

દાહોદ નગર પાલિકામાં ૧૯૯૫ થી ભારતીય જનતા પક્ષનુ એક ચક્રીય શાસન છે.ગત વખતે કુલ ૩૬ માંથી ભાજપાના ૨૨ અને કોંગ્રેસના ૧૩ તેમજ`ક અપક્ષ ઉમેદવાર વિજેતા થયા હતા પરંતુ અપ૭ ઉમેદવાર ભાજપાનો જ બળવાખોર હોવાથી તે ફરી ભાજપામાં ભળી જતાં કુલ સંખ્યાબળ ૨૩નુ થઈ ગયુ હતું. તે વખતે તમામ ૯ વોર્ડમાં થઈને કુલ ૮૯ ઉમેદવાર મેદાનમાં હતા.જેમાં સૌથી વધુ ૧૪-૧૪ ઉમેદવાર વોર્ડ નં૪ અને પમાં હતા.જ્યારે સૌથી ઓછા ૮ ઉમેદવાર વોર્ડ નંબર ૮માંથી ચુંટણી લડ્યા હતા.આમ વર્ષ ૨૦૧૫માં દાહોદ પાલિકામાં માત્ર ૮૯ ઉમેદવાર મેદાનમાં હતા.જેમાં મુખ્યત્વે ભાજપા,કોંગ્રેસ અને અપક્ષોનોસમાવેશ થાય છે.ત્યારે આ વખતની ચુંટણી એટલા માટે રસપ્રદ બની છે કે ૯ પૈકી એક પણ વોર્ડમાં ૧૨ થી ઓછા ઉમેદવાર નથી. દાહોદ નગર પાલિકાની ચુંટણીના પ્રચારમાં હવે ધીમે ધીમે ગરમાવો આવી રહ્યો છે.તમામ ઉમેદવારો અને રાજકીય પક્ષો એડી ચોટીનુ જોર લગાવી રહ્યા છે. ત્યારે આ વખતે તમામ વોર્ડમાં ઉમેદવારોનો રાફડો ફાટ્યો છે.કારણ કે ૧૨ કરતા ઓછા ઉમેદવાર એક પણ વોર્ડમાં નથી.જેથી ગત વખતની સરખામણીએ૩૦ ઉમેદવારો વધુ મેદાનમાં છે ત્યારે આ ઉમેદવારો કોનુ ગણિત બગાડશે તે હાલ કહેવુ અશક્ય છે.

સૌથી વધુ ૧૯ ઉમેદવાર વોર્ડ નં-પમાં છે અને સૌથી ઓછા ૧૨-૧૨ ઉમેદવાર વોર્ડ નં-૪ અને વોર્ડ નં--૮માં છે.કુલ ઉમેદવાર ૧૨૯ થાય છે જેથી ગત વખત કરતા ૩૦ ઉમેદવારો વધી ગયા છે.આ ઉમેદવારો દ્વારા મતોનુ ધ્રુવીકરણ થશે તે નિશ્ચિત ચે પરંતુ તે કયા ઉમેદવારો ના અથવા તો કયા પક્ષના મતો કાપશે તેનું ગણિત માંડી શકાય તેમ નથી.આમ ઉમેદવારો વધવાને કારણે ઘણાં વોર્ડના પરિણામો પર અસર થવાની સંપૂર્ણ સંભાવના રહેલી છે.હાલ તો તમામ ઉમેદવારો ઢોલ નગારા સાથે પ્રચારમાં જોતરાયેલા છે અને મતદારોને રીઝવવાનો પ્રયત્ન કરી રહ્યા છે ત્યારે મતદારો પણ કોઈ પમ ઉમેદવારને નારાજ કરતા જવાબ આપવાનું ટાળી રહ્યા છે પરંતુ મતદારો તેમનો મિજાજ તો ૨૮ ફેબ્રુઆરીએ જ બતાવશે અને સ્થાનિક ચુંટણી હોવાથી મતદારો અને ખાસ કરીને યુવાનો તે દિવસની ચાતક નજરે રાહ જોઈ રહ્યા છે. આપની એન્ટ્રી થી અંકગણિત બદલાઈ શકે દાહોદ નગર પાલિકાની ગત ચુંટણીમા ૯ વોર્ડમાં માત્ર ભાજપા,કોંગ્રેસ અને અપક્ષો જ ઉમેદવાર હતા.એક માત્ર વોર્ડમાં એનસીપીનો ઉમેદવાર હતો.જ્યારે આ વખતે એક વોર્ડમાં બીટીપી સહિત તમામ વોર્ડમાં આમ આદમી પાર્ટીએ પોતાના ઉમેદવારો ઉતાર્યા છે.કેટલીક બેઠકો પર તેના ઉમેદવારો નથી પરંતુ જે બેઠકો પર આપના ઉમેદવારો છે તે કોઈને કોઈ પક્ષોના મતોતોડશે તો પરિણામ પર તેની અસર થવાની સંભાવનાનો ઈનકાર કરી સકાતો નથી. અપક્ષોની સંખ્યા પણ વધી ગઈ છે ગત વખતે ૯ વોર્ડમાં મળીને કુલ ૨૫ અપક્ષ મેદાનમાં હતા જ્યારે આ વખતે કુલ ૩૦ અપક્ષો મેદાનમાં છે.ગત વર્ષે સૌથી વધુ ૬-૬ અપક્ષો વોર્ડ નં ૪ અને પમાં હતા.વોર્ડ ન-૮માં એક પણ અપક્ષ ઉમેદવાર ન હતો જ્યારે આ વખતે તમામ વોર્ડમાં અપક્ષ ઉમેદવારોએ ઝંપલાવ્યુ છે.જેમાં સૌથી વધુ ૭-૭ અપક્ષો વોર્ડ નં-પ અને ૭ માં છે.આ અપક્ષો પણ પરિણામ પર અસર કરી શકે છે.તેમાંયે જે પક્ષના બળવાખોર હશે તે પક્ષના માન્ય ઉમેદવારના તો પણ તોડી શકે તેમ છે.

## ગરબાડાના નઢેલાવ-૩૧ બેઠક ઉપર ફોર્મ ભરનાર મહિલાને ધાકધમકી આપી અપહરણ કરવાની ચિમકી આપતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના નઢેલાવ-૩૪ જિલ્લા પંચાયત બેઠક પરથી ગામમાં રહેતા એક વ્યક્તિની પત્નિ ઉમેદવાર તરીકે ઉભા રહેતા આ બાબતે ગરબાડા તાલુકાના છરછોડા ગામે રહેતા તાલુકા પંચાયત સભ્ય, સરપંચ મળી ત્રણ જણાએ આ મહિલા ઉમેદવારના પતિ ચુંટણીનું ફોર્મ પાછું ખેંચી લેવા ધાકધમકીઓ આપી તેમજ મારી નાંખવાની ધમકી આપતાં તેમજ ઉમેદવાર મહિલાનું અપહરણ કરી લઈ જવાની ધમકીઓ આપતાં આ સંબંધે મહિલા ઉમેદવારના પતિ તથા તેના ટેકેદારો દ્વારા જેસાવાડા પોલીસ મથકે આ ત્રણેય વ્યકિતઓ વિરૂધ્ધ ફરીયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી કરવા તેમજ દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષકને લેખિત રજુઆત કરી પોલીસ રક્ષણ આપવા અરજ કરી છે.

દાહોદ જિલ્લામાં સ્થાનીક સ્વરાજ્યની ચુંટણીની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે. તમામ પાર્ટીઓ દ્વારા મતદારોને રીઝવવા માટે ધમપછાડાઓ સહિત ઘરે - ઘરે જઈ પોતાની પાર્ટી, પોતાના ઉમેદવારોને મત આપવા અપીલ સહિત વિનંતી કરવામાં આવી રહી છે. જિલ્લામાં હાલ પુરજોશમાં ઢોલનગારાની સાથે ઉમેદવારો દ્વારા બેનરો સાથે રેલી કાઢી ચુંટણી પ્રચાર પણ કરવામાં આવી રહ્યાં છે ત્યારે આવા સમયે ગરબાડા તાલુકાના છરછોડા ગામે બારીયા સીમોડા ફળિયામાં રહેતા કલ્પનાબેન સોમસિંહ બારીયાએ નઢેલાવ - ૩૪ જિલ્લા પંચાયત બેઠક પરથી ઉમેદવારી કરી છે. આ બાબતે ઉમેદવાર કલ્પનાબેન બારીયાના પતિ સોમસિંહ ગનીયા બારીયાએ જેસાવાડા પોલીસ મથકે અને દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષકને સંબંધોની લખવામાં આવેલ લેખિત પત્રમાં જણાવ્યા અનુસાર, છરછોડા ગામે સીમોડા અને બિલવાળ ફળિયામાં રહેતા માજુભાઈ તેરસીંગભાઈ ભાભોર (તાલુકા પંચાયત સભ્ય), ધર્માબેન મોતીભાઈ ભાભોર (સરપંચ) અને પારસીંગભાઈ નગાભાઈ બીલવાળ દ્વારા આ મહિલા ઉમેદવાર કલ્પનાબેન થતા તેમના પતિ સોમસિંહભાઈ બારીયાને તારીખ ૧૨.૦૨.૨૦૨૧ના રોજ મોબાઈલ ફોન ઉપર ફોન કરી ધમકી આપી હતી કે, ચુંટણી માટેનું ફોર્મ પાછુ ખેંચી લે, તું જાણે છે તે કોની સામે ફોર્મ ભર્યું છે, તને ગામમાં નહીં રહેવા દઈએ, તને મારીને ફેંકી દઈશુ, તેમ કહી ત્યાર બાદ તારીખ ૧૨.૦૨.૨૦૨૧ના રોજ ફરીથી તાલુકા પંચાયત સભ્ય માજુભાઈ તેરસીંગભાઈ ભાભોરના મોબાઈલ ફોન ઉપરથી સોમસિંહભાઈ બારીયાને ફોન કરી સરપંચ ધર્માબેને ધમકી આપી હતી કે, તે ફોર્મ મારા સામે ભર્યું છે, તુ ગામમાં આવ અને તું કઈ રીતે પ્રચાર કરે હું જોઉ લઉ, તને મારીને ફેંકી દઈશું, તેવી ધાકધમકીઓ આપી હતી અને આ ધાકધમકી આપતો ઓડીયો રેકોર્ડીંગ પણ હોવાનું જણાવેલ છે. આ બાદ તારીખ ૧૫.૦૨.૨૦૨૧ના રોજ આ તાલુકા પંચાયત સભ્ય, સરપંચ સહિતનું લગભગ ૧૦૦ થી ૧૫૦૦ માણસોનું ટોળુ લઈને સોમસિંહભાઈ બારીયાના ઘરે આવ્યા હતા અને કહેલ કે, ફોર્મ ખીચીલો, તમારા કારણે અમારા મત કપાય છે, નહીં તો તમારૂ ઘર સળગાળી દઈશું,. આ બાદ પણ આ લોકો દ્વારા અવાર નવાર ધાકધમકીઓ આપતાં હોવાનું તેમજ ઉમેદવાર મહિલા કલ્પનાબેનનું અપહરણ કરી લઈ જઈ મારી નાંખવાની પણ ધાકધમકીઓ આપતાં આ સમગ્ર મામલે મહિલા ઉમેદવારના પતિ તથા તેમના ટેકેદારો દ્વારા આજરોજ દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક અને જેસાવાડા પોલીસ મથકે અરજી આપી આ લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરી પોતાને રક્ષણ આપવા બાબતે રજુઆત કરી છે.

# દેવગઢ બારીયા નગર પાલિકાના ચીફ ઓફિસરે પ્રમુખને ચાર્જના આપતા હાઈકોર્ટના હુકમનો અનાદર હાઈકોર્ટનું તેડું

દે.બારીઆ,

દેવગઢબારિયા પાલિકા પ્રમુખને પક્ષાંતર ધારા હેઠળ સભ્ય પદેથી સસ્પેન્ડ કરતા હાઈકોર્ટ સ્ટે આપવા છતાં ચીફ ઓફિસરે આજદિન સુધી પ્રમુખને ચાર્જ ના આપતા આખરે આ બાબતે સ્પેશિયલ અરજી કરતા કોર્ટ ચીફ ઓફિસરને કોર્ટમાં હાજર રહેવા આદેશ કરતાં નગરમાં ચર્ચાનો વિષય.

- હાઈકોર્ટ ના દરવાજા ખખડાવતા કોર્ટ સ્ટે આપ્યો હતો.
- ૨૭/૦૧/૨૦૨૧ નો સ્ટે હોવા છતાં ચીફ ઓફિસરે આજ દિન સુધી ચાર્જ ના આપતા.
- સ્પેશ્યલ અરજી કરતા જે કોર્ટ ઓફ કન્ટેન કરી ચીફ ઓફિસર ને હાજર રહેવાનો હુકમ કર્યો.

દેવગઢ બારિયા નગરપાલિકાના પ્રમુખ દક્ષાબેન નાથાણી સામે પક્ષાંતરધારા હેઠળ માજી પ્રમુખ મદીના બેન ભીખા દ્વારા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માં અરજી કરતાં જે અરજીના અનુસંધાને કોંગ્રેસ પક્ષમાંથી જીતી અને કોંગ્રેસના સભ્યોની દર ખાસ અને ભાજપના ટેકાથી પ્રમુખ બનેલા દક્ષાબેન નાથાણી ને પક્ષાંતર ધારો લાગતાં તેમને નામોદીષ્ટ અધિકારીએ પક્ષાંતર ધારા અધિનિયમ ૧૯૮૬ ના અન્વયે ગેરકાય ઠેરવવા નો હુકમ કર્યો હતો જેને લઈને આ હુકમના કારણે દક્ષાબેન નાથાણીને સભ્ય પદે થી સસ્પેન્ડ કરવામાં આવતા તેઓ પાસેનો પ્રમુખ નો હોદ્દો પણ ગયો હતો અને પ્રમુખનો ચાર્જ ઉપપ્રમુખે સંભાળ્યો હતો. ત્યારે દક્ષાબેન નાથાણી ખરેખર પ્રમુખ ચૂંટણી લડીને અને તે પણ બંને ઉમેદવારો વચ્ચે પ્રમુખની ચૂંટણી ટાઈ થતા ચિઠ્ઠી ઉછાળવાથી પ્રમુખ બન્યા હતા જેથી દક્ષાબેન નાથાણી દ્વારા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના નામોદીષ્ટ અધિકારીના હૂકમ ને લઈ હાઈ કોર્ટના દરવાજા ખખડાવતા કોર્ટ દ્વારા તારીખ ૨૭/૦૧/૨૦૨૧ નાં રોજ દક્ષાબેન નાથાણી તરફે હાઈકોર્ટે સ્ટે આપતા તેઓનો સભ્યપદ યથાવત રહેતા જે સ્ટે નેલઈ દક્ષાબેન નાથાણી દેવગઢ બારીયા નગરપાલિકામાં હાજર થવા જતા પાલિકા ચીફ ઓફિસર દ્વારા તેઓને હાજર નહીં કરતા અને પ્રમુખનો ચાર્જ નહીં સોંપતા હાઈકોર્ટના હુકમને સ્થાનિક ચીફ ઓફિસર થી લઈ જિલ્લાના અધિકારીઓ જાણે ઘોળીને પી ગયા હોય તેમ લાગતા આખરે દક્ષાબેન નાથાણીના દ્વારા ફરીથી હાઈકોર્ટમાં સ્પેશિયલ અરજી કરતા જે અરજી હાઈકોર્ટમાં ધ્યાને આવતાં હાઈકોર્ટના હુકમ નો અનાદર થયો હોય અને ઓફિસર આ હુકમને જાણે ઘોળીને પી ગયા હોવાનું કોર્ટને જણાતા કોર્ટ ચીફ ઓફિસર વિરુધ્ધ કોર્ટ ઓફ કન્ટ્રેન દાખલ કરી ચીફ ઓફિસરને હાઈકોર્ટમા હાજર રહેવાનો હુકમ કરતા નગરમાં ફરી એકવાર પાલિકાને લઈ ચર્ચાનોનો વિષય બનવા પામ્યો છે. ત્યારે પ્રમુખ દક્ષાબેન નાથાણી ને પ્રમુખનો ચાર્જ આપવામાં આવશે કે કેમ તે જોવાનું રહ્યું.

## મતદાર જાગૃતિ માટે દાહોદ નગરમાં યોજાઈ સાયકલ રેલી



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની આગામી તા. ૨૮મીના રોજ યોજનારી ચૂંટણીને અનુલક્ષીને મતદારોમાં જાગૃતિ કેળવવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આજ રવિવારે વહેલી સવારે સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. કલેકટર વિજય ખરાડીએ આ સાયકલ રેલીનું નેતૃત્વ કર્યું હતું.

સાયકલ રેલીના પ્રારંભે કલેક્ટર વિજય ખરાડીએ એક વાતચીતમાં જણાવ્યું કે, આપણો દેશ વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતો દેશ છે. ચૂંટણી પ્રક્રીયા લોકશાહીનો આત્મા છે અને મતદાન કરી નાગરિકો એને તંદુરસ્ત બનાવે છે. મતદાન એ તમામ નાગરિકોનો બંધારણીય અધિકાર છે. લોકો પોતાના આ અધિકાર પ્રત્યે વધુ જાગૃત બને અને ચૂંટણી પ્રક્રીયામાં સહભાગી બને એ માટે આ સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

# દાહોદ જીલ્લામાં સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં પક્ષ વિરોધી કામ કરનાર ૨૩ સભ્યો પક્ષમાંથી બરતરફ કરાયા

દાહોદ,

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અદયક્ષ સી.આર.પાટીલની સુચના અને માર્ગદર્શનથી હાલની સ્થાનીક સ્વરાજ્યની ચુંટણીમાં દાહોદ જિલ્લાની પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકામાં પક્ષમાંથી વિરૂધ્ધ જઈ પક્ષના ઉમેદવારની સામે અપક્ષ તથા અન્ય પક્ષમાંથી ઉમેદવારી નોંધાવતાં શિસ્ત ભંગના પગલારૂપે ભાજપા પક્ષમાંથી ૨૩ જેટલા સભ્યોને પક્ષમાંથી બરતરફ કરવાના દાહોદ જિલ્લા ભાજપનાના પ્રમુખ દ્વારા યાદી બહાર પાડવામાં આવતાં ચકચાર મચી જવા પામી છે.

દાહોદ જિલ્લામાં સ્થાનીક સ્વરાજ્યની ચુંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીમાં ઘણા સભ્યોને ટીકીટ ન મળતાં કોઈકે અપક્ષમાં તો કોઈ અન્ય પાર્ટીમાંથી ઉમેદવારી નોંધાવી ભાજપાથી નિરાજગી દર્શાવી ભારે વિરોધ કર્યો હતો. આ સમગ્ર મામલે ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્ય સી.આર.પાટીલની સુચના અને માર્ગદર્શનથી જિલ્લાની જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત તથા નગરપાલિકામાં પક્ષની શિસ્તથી વિરૂધ્ધ જઈ પક્ષના ઉમેદવારી સામે અપક્ષણ તથા અન્ય પાર્ટીમાંથી ઉમેદવારી નોંધાવતાં ૨૩ જેટલા સભ્યોને પક્ષમાંથી બરતરફ કરવામાં આવ્યાં છે જેમાં દાહોદ ૧નગરપાલિકા વોર્ડ નંબર ૧માંથી યાદવ કેશરબેન સંજીવકુમારને ટીકીટ ન મળતાં અપક્ષમાંથી ઉમેદવારી નોંધાવી છે જેઓ ભાજપામાંથી પુર્વ શહેર મંત્રી રહી ચુક્યાં હતાં તેવી જ રીતે દાહોદ નગરપાલિકાના વોર્ડ નંબર ૩ના પુર્વ કાઉન્સીલર કાઈદભાઈ મોઈજભાઈ ચુનાવાલાએ પક્ષ પલ્ટો કરી કોંગ્રેસમાંથી ઉમેદવારી નોંધાવી છે. વોર્ડ નંબર ૪માંથી પુર્વ કાઉન્સીલર અરવિંદકુમાર હરખચંદ ચૌપડાને પણ ટીકીટ ન મળતાં અપક્ષમાંથી ઉમેદવારી નોંધાવી છે. વોર્ડ નંબર પાંચના લઘુમતિ મોરચા જિલ્લા મહામંત્રી યુસુફભાઈ અબ્બાસભાઈ રાણાપુરવાલા કોંગ્રેસમાંથી ઉમેદવારી નોંધાવી છે. નગરપાલિકાના પુર્વ કાઉન્સીલર પુષ્પાબેન જીતેન્દ્રકુમાર ક્ષત્રિય, વોર્ડ નંબર ૬ના સ્વપનીલભાઈ વિરલકુમાર દેસાઈ જેઓ પુર્વ મહામંત્રી દાહોદ શહેરના રહી ચુક્યાં હતા જેઓને પણ ભાજપા પાર્ટીમાંથી ટીકીટ ન મળતાં તેઓએ પણ અપક્ષમાંથી ઉમેદવારી નોંધાવી છે. આજ રીતે નગરપાલિકાના વોર્ડ નંબર ૭માંથી સતીષભાઈ હસમુખલાલ પરમાર (શહેર ઉપપ્રમુખ), લીલાબેન કાળુભાઈ વાખળા (પુર્વ શહેર મંત્રી), નીલેશભાઈ રાજેન્દ્રકુમાર પારેખ (શહેર યુવા મોરચા ઉપપ્રમુખ), વિદ્યાબેન ગીરીશકુમાર મોઢિયા (દાહોદ શહેર જી. મહિલા મોરચાના ઉપપ્રમુખ), રાજુભાઈ લાલાભાઈ પરમાર ( પુર્વ કાઉન્સીલ), તાલુકા પંચાયતના જવેસીના ગીતાબેન નરેન્દ્રકુમાર ડામોર (પુર્વ તાલુકા પંચાયત પ્રમુખ, ફતેપુરા), જિલ્લા પંચાયત ધુઘસના બાબુભાઈ નવલભાઈ પારગી, (પુર્વ એ.પી.એમ.સી.ચેરમેન) જેઓએ બીટીપીમાં જોડાયા છે. તાલુકા પંચાયત કંથાગરના બાબુભાઈ તેરસીંગભાઈ મછાર (મંડલ કા.સભ્ય) જેઓ અપક્ષમાં ઉમેદવારી નોંધાવી છે. જિલ્લા પંચાયત નિંદકાપુર્વના વનિતાબેન રયજીભાઈ ચંદાણા (પુર્વ ચેરમેન સામાજીક ન્યાય સમિતિ), તાલુકા પંચાયત સંજેલી - ૧ના કનુભાઈ પ્રતાપભાઈ હરીજન (મંડળ ઉપપ્રમુખ, સંજેલી), તાલુકા પંચાયત સુથારવાસાના રમેશભાઈ ગોમજીભાઈ નીનામા (સક્રિય કાર્યકર્તા) જેઓએ કોંગ્રેસમાં જોડાયા છે. તાલુકા પંચાયત ગામડીના સુરેશભાઈ પુંજાભાઈ ભુરીયા (સક્રિય કાર્યકર્તા) જેઓએ અપક્ષમાં ઉભા રહ્યાં છે. જીલ્લા પંચાયત ખંગેલાના મેંદાલભાઈ તેરસીંઘભાઈ વડકીયા (સક્રિય કાર્યકર્તા) જેઓ પણ અપક્ષમાંથી ઉમેદવારી નોંધાવી છે અને જિલ્લા પંચાયત નવાનગરના કનુભાઈ સવલાભાઈ ભાભોર (સક્રિય કાર્યકર્તા, પુર્વ જિલ્લા પંચાયતના સભ્ય) આ ૨૩ સભ્યોને ભારતીય જનતા પાર્ટીમાંથી બરતરફ કરવાનો હુકમ દાહોદ જિલ્લા ભાજપના પ્રમુખ શંકરભાઈ અમલીયાર દ્વારા કરવામાં આવ્યો હતો.

# રાજ્યમાં કોઈ પણ બાળક અને સગર્ભાને રસીથી વંચિત ન રાખવાનું મિશન

ગાંધીનગર,

સઘન મિશન ઈન્દ્રધનુષ ૩.૦ અંતર્ગત રાજ્યવ્યાપી સાર્વત્રિક રસીકરણના કાર્યક્રમનો આરંભ કરવામાં આવશે. કોઈ પણ બાળક અને સગર્ભા વંચિત ન રહી જાય તે હેતુસર આરોગ્ય વિભાગ દ્વારા આ મિશન હાથ ધરાનાર છે. આ કાર્યક્રમનો બીજો રાઉન્ડ ૨૨ માર્ચ ૨૦૨૧થી શરૂ કરવામાં આવશે તેમ આરોગ્ય વિભાગે જણાવ્યુ છે. સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમનો ઉદ્દેશ્ય તમામ સગર્ભા માતા અને બાળકોને તેમની વયજૂથ મુજબની રસી સમયસર મળી જાય તે સુનિશ્ચિત કરવાનો છે. ૧૦ જેટલા ગંભીર રોગ જેવા કે ઝેરી કમળો, બાળ



ટી.બી., પોલીયો, ડીપ્થેરીયા, ઊટાટીયું, ધનુર, હીબ બેક્ટેરિયાથી થતા ન્યુમોનીયા, મગજનો તાવ જેવા રોગો, રોટા વાયરસથી થતા ઝાડા, ઓરી અને રૂબેલા સામે રક્ષિત કરી શકાય.

આરોગ્ય વિભાગે વધુમાં જણાવ્યા મુજબ મિશન ઈન્દ્રધનુષના મુખ્ય ઉદ્દેશ દેશના તમામ બે વર્ષથી નાની ઉમરના બાળકો અને સગર્ભા માતાઓને સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ અંતગત આવરી લેવાનો છે. બે વર્ષથી વધુ ઉમરના બાળકોને પણ કોઈ પણ રસીકરણ સેશન પર રસીકરણ સેવાઓ પૂરી પાડવાનો છે. આ સમગ્ર પ્રક્રિયા અભિયાન સ્વરૂપે અમલીકરણ કરી રાજ્યમાં તેમજ દેશમાં સંપૂર્ણ રસીકરણનો વ્યાપ ૯૦% થી વધારી રોગમુક્ત સમાજ બને તે ઉદ્દેશ્ય છે. એ જ રીતે રાજ્ય સરકારના સઘન મિશન ઈન્દ્રધનુષ ૩.૦ અંતર્ગત સંપૂર્ણ રસીકરણમાં નોંધપાત્ર વધારો થાય અને દેશના ખાસ વિસ્તારોમાં વંચિત રહેલા બાળકો અને સગર્ભા માતાઓને રસીકરણની સેવાઓ મળે તે સુનિશ્ચિત કરવાનો છે. સઘન મિશન ઈન્દ્રધનુષ ૩.૦ ના પ્રથમ રાઉન્ડની શરૂઆત ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૧થી અને બીજો રાઉન્ડ ૨૨ માર્ચ ૨૦૨૧ થી શરૂઆત કરવામાં આવશે.

આ કાર્યક્રમ દરેક રાઉન્ડમાં ૧૫ દિવસ સુધી કરવામાં આવશે, જેમાં મમતા દિવસ, કોવિડ રસીકરણ અને રજાના દિવસો સિવાયના દિવસોમાં સેશન પ્લાન કરી રસીકરણની વ્યવસ્થા કરવામાં આવશે. દેશના ૨૫૦ જીલ્લાઓના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં આ અમલમાં કરવામાં આવે છે. જેમાં ગુજરાતના ૩૩ જીલ્લા અને ૮ કોર્પોરેશન વિસ્તારોમાં ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ આ રસીકરણ કાર્યક્રમ યોજાશે. આ સઘન મિશન ઈન્દ્રધનુષ ૩.૦ અંતર્ગત પ્રથમ હરોળના આરોગ્ય કાર્યકરો દ્વારા શહેરી સ્લમ વિસ્તારો તેમજ અંતરિયાળ અને અતિ દુર્ગમ વિસ્તારો ઉપરાંત જનસમુદાયવાળી શહેરી ઝુંપડપટ્ટીઓ, ઈંટોના ભઠ્ઠાઓ, માછીમારોની વસતીઓ, બાંધકામના વિસ્તારો, ઈન્ડસ્ટ્રી વિસ્તારો, પહાડી વિસ્તારની વસાહતો વગેરે અને ઓછા રસીકરણ કવરેજ વાળા વિસ્તારોમાં ઘરે ઘરે જઈને રસીકરણ કરવામાં આવશે.

## જિલ્લા પંચાયત પંચમહાલ આરોગ્ય અંતર્ગત નેશનલ ડી વોર્મિંગ ડે ની ઉજવણી

ગોધરા,

બાળકોના માનસિક અને શારીરિક વિકાસ માટે આયર્ન એ ખુબજ અગત્યનું સુક્ષ્મ પોષક તત્વ છે . બાળક ને જો કૃમિનો ચેપ લાગે તો શરીરમાં આયર્નની ઉણપ (પાંડુરોગ) થાય છે . આ જરૂરી બાબતો ને ધ્યાને લઈ સરકાર દ્વારા દર વર્ષે વર્ષમાં બેવાર ફેબ્રુઆરીએ અને ઓગષ્ટ માસમાં કૃમિનાશક દવા આપવા માં આવે છે. નેશનલ ડી વોર્મિંગ ડે (NDD) ઉજવણી દ્વારા વર્ષમાં બેવાર ૧ થી ૧૯ વર્ષના તમામ બાળકો ને સામુહિક રીતે કૃમિ નાશક ગોળી આપવામાં આવે છે. જેથી બાળકનું જીવન ધોરણની ગુણવત્તામાં વધારો થઈ શકે છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી મીનાક્ષી ચૌહાણના જણાવ્યા અનુસાર પંચમહાલ જીલ્લામાં આ કાર્યક્રમ અંતર્ગત આવરી લેવાના થતાં ૧ થી ૧૯ વર્ષના કુલ ૪,૫૪,૦૮૬ બાળકોને તારીખ : ૨૨.૦૨.૨૦૨૧ થી ૦૨.૦૩.૨૦૨૧ સુધી દરેક બાળકને રૂબરૂ આપવાનું આયોજન કરવામાં આવેલ છે. જે માટે જિલ્લાની તમામ પ્રાથમિક/ માધ્યમિક શાળાઓ અને તમામ આંગણવાડી કેન્દ્રો ખાતે આરોગ્ય કર્મચારીઓ અને આંગણવાડી કાર્યકર દ્વારા આપવાનું આયોજન કરેલ છે અને એકપણ બાળક ગોળી લીધા વગરનુંના રહે તેનું ઘનિષ્ઠ સુપરવિઝન તાલુકા અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે આયોજન કરવામાં આવનાર છે. વધુમાં તેઓએ એમ પણ જણાવ્યુ હતું કે, આ દિવસો દરમ્યાન જિલ્લાનાં ૧ થી ૫ વર્ષ સુધીના કુલ ૧,૬૯,૮૬૦ બાળકો છે . તેમને વિટામિન-A પણ આપવાનું આયોજન કરેલ છે.

## પંચમહાલ જીલ્લામાં મીશન ઈન્દ્રધનુષ કાર્યક્રમ અંતર્ગત રસીકરણનું આયોજન

ગોધરા,

સરકાર દ્વારા આગામી તા. ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૧ થી તા.૦૧ માર્ચ ૨૦૨૧ દરમ્યાન માતૃબાળ કલ્યાણ સેવાઓના ભાગરૂપે જીદલ્લામાં જરૂરી રસીકરણની સેવાઓથી વંચિત રહી ગયેલ બે વર્ષથી નીચેનાં બાળકો અને સગર્ભા માતાઓને સેવાઓ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. મિનાક્ષી ચૌહાણના જણાવ્યા અનુસાર જીલ્લામાં હેડકાઉન્ટ સર્વે દરમ્યાન મળેલ બે વર્ષથી ઓછી ઉંમરનાં ૩૦૫ બાળકો તથા જરૂરી સેવાઓથી વંચિત રહી ગયેલ કુલ ૫૦ સગર્ભા માતાઓ મળી આવેલ છે. જેમને કુલ ૬૩ સેશન પ્લાન કરી માતૃબાળ કલ્યાણની જરૂરી સેવાઓ આપી ૧૦૦ % સંપૂર્ણ રસીકરણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. આ માટે જીલ્લાના તમામ ઈંટોના ભઠ્ઠી, કન્સ્ટ્રકશન સાઈડ, અર્બન સ્લમ, મીઝલ્સ, ડીપ્થેરીયા અને નિયોનેટલ ટીટેનસના કેસો થયેલ હોય તેવા હાઈરીસ્ક વિસ્તારમાં જરૂરી સેવાઓ આપવાનું આયોજન કરવામાં આવેલ છે. આ માટે જીલ્લા અને તાલુકા કક્ષાએથી ઘનિષ્ઠ સુપરવિઝન કરી કોઈપણ લાભાર્થી સેવાઓથી વંચિત ન રહે તે માટે આયોજન કરવામાં આવેલ છે.

## દે.બારીઆના બસ સ્ટેશનમાં મહિલા એ બેંક માંથી ઉપાડેલ ૨.૪૦ લાખ રૂપીયા ભરેલ બેગની ચોરી કરી નાશી જતાં ફરિયાદ

દાહોદ,

દેવગઢ બારીઆ નગરમાં એક મહિલા દ્વારા રૂા.૨,૪૦,૦૦૦ની રોકડ રકમ બેન્કમાંથી ઉપાડી બસ સ્ટેશનમાં ગયા બાદ બસમાં બેસતાં તે સમયે કોઈ અજાણ્યો ચોર ઈસમ દ્વારા આ રોકડા રૂપીયા ભરેલ બેગમાંથી આ રોકડા રૂપીયાની ચોરી કરી લઈ નાસી જતાં પંથક સહિત બસ સ્ટેશન વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી.

પંચમહાલ જિલ્લાના ગોધરા નગરમાં બામરોલી રોડ ખાતે દિવ નગર સોસાયટીમાં રહેતા ૩૭ વર્ષીય કૈલાશબેન જેન્તીભાઈ પટેલ ગત તા.૧૯મી ફેબ્રુઆરીના રોજ દેવગઢ બારીઆ નગરમાં આવેલ એસ.બી.આઈ.બેન્કમાં ગયા હતા. બેન્કમાંથી કૈલાશબેને રૂા.૨,૪૦,૦૦૦નો ઉપાડ કર્યો હતો અને આ રોકડા રૂપીયા કાળા કલરની બેગમાં ભરી ભરી દેવગઢ બારીઆ બસ સ્ટેશને આવ્યાં હતાં જ્યા બસમાં બેઠા હતા અને કૈલાશબેનની નજર ચુકવી કોઈ અજાણ્યા ચોર ઈસમોએ આ બેગની ચેઈન ખોલી રોકડા રૂા.૨,૪૦,૦૦૦ ચોરી કરી લઈ નાસી જતાં કૈલાશબેન એકક્ષણે સ્તબ્ધ બની ગયા હતાં અને બુમાબુમ કરી મુકતા આસપાસના લોકો પણ દોડી આવ્યાં હતાં પરંતુ ચોર ઈસમ નજરે ન પડતાં આખરે કૈલાશબેન નજીકના પોલીસ સ્ટેશને જઈ કાયદેસરની ફરિયાદ નોંધાવતાં પોલીસે નજીકના સીસીટીવી કેમેરા સહિતના ઉપકરણોની મદદથી ચોર ઈસમને ઝડપી પાડવાના ચક્રોગતિમાન કર્યાં છે.

## દાહોદ રેલ્વે સ્ટેશન પર બે ટ્રેનોના સ્ટોપેજ મળતાં દાહોદ જિલ્લાવાસીઓ માટે ખુશીનો માહોલ

દાહોદ,

દાહોદ શહેરમાં આવેલ રેલ્વે સ્ટેશન પર મહત્વની બે ટ્રેનોના સ્ટોપેજ મળતાં દાહોદ જિલ્લાવાસીઓ માટે સારા સમાચાર મળી રહ્યાં છે. બાન્દ્રા ટર્મિનલ-જયપુર-બાન્દ્રા ટર્મિનલ સ્પેશિયલ સુપફાસ્ટ ટ્રેન અને બીજી ઓખા-નાથદ્વારા-ઓખા સ્પેશીયલ ટ્રેન (સાપ્તાહિક) આ બે ટ્રેનોને દાહોદ રેલ્વે સ્ટેશન પર સ્ટોપેજ મળ્યું છે.

મળતી પ્રાપ્ત વિગતો અનુસાર, બાન્દ્રા ટર્મિનલ-જયપુર-બાન્દ્રા ટર્મિનલ સ્પેશિયલ સુપફાસ્ટ ટ્રેન તારીખ ૨૨મી ફેબ્રુઆરીના રોજથી વિભિન્ન સ્ટેશનો પરથી પસાર થશે જેમાં બાન્દ્રા ટર્મિનલથી દાહોદ, રતલામ, નાગદા થઈ જયપુર પહોચશે ત્યાર બાદ બીજા દિવસે બોરીવલી, વાપી, સુરત, ભરૂચ, વડોદરા, દાહોદ, રતલામ, નાગદા, ભવાની મંડી, રામગંજ મંડી, કોટા, સવાઈ માધોપુર તેમજ દુર્ગાપુરા સ્ટેશનો પર રોકાશે.

બીજી તરફ ઓખા-નાથદ્વારા-ઓખા સ્પેશીયલ સાપ્તાહિક ટ્રેન તારીખ ૨૪મી ફેબ્રુઆરીથી ઓખાથી દર બુધવારે ઉપડશે. આ ટ્રેન ઓખાથી દાહોદ, રતલામ, મંદસૌર, નીમચ, ચિત્તોડગઢ થઈ આ ટ્રેન બીજા દિવસે નાથદ્વારા પહોંચશે. ૨૫મી ફેબુઆરીથી દર ગુરૂવારે આ ટ્રેન નાથદ્વારાથી ઉપડી ચિત્તોડગઢ, નીમચ, મંદસૌર, રતલામ થઈ બીજા દિવસે ઓખા પહોંચશે. આમ, આ બંન્ને ટ્રેનોનું સ્ટોપેજ દાહોદ રેલ્વે સ્ટેશને પણ પ્રાપ્ત થતાં જિલ્લાવાસીઓને મુસાફરીમાં સહુલિત મળશે.

## ગોધરા પાલિકાની ચુંટણીને લઈ બી ડીવીઝન ખાતે નાયબ પોલીસ અધિક્ષકે ઉમેદવાર સાથે બેઠક યોજી



ગોધરા,

ગોધરા નગર પાલિકાની ચુંટણી મતદાન ૨૮ ફેબ્રુઆરીના રોજ યોજાનાર છે. મતદાન થનાર છે. ત્યારે કાયદો અને વ્યવસ્થાને લઈને બી ડીવીઝન પોલીસ મથકેબેઠકનું, આયોજન કરવામાં આવ્યું. બી ડીવીઝન પોલીસ મથકેજીલ્લા નાયબ પોલીસ અધિક્ષક દ્વારા પાલિકાના ઉમેદવારો સાથે ચર્ચાઓ કરી હતી. અને મતદાન દિવસે કાયદો અને વ્યવસ્થા તેમજ ચુંટણી પંચના જાહેરનામા અને કોરોના નિયમોનું પાલન કરવા અને કરાવવા જણાવવામાં આવ્યું.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 153

તા.૨૨/૦૨/૨૦૨૧
સોમવાર

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# પંચમહાલ સમાચારની ગોધરા નગર પાલિકા વિસ્તારોમાં ગ્રાઉન્ડ રિપોર્ટ આપતી લોકપ્રશ્નોની શ્રેણી

## વોર્ડ નં.૩ પાયાની સુવિધા વિના નર્કાગાર સ્થિતીમાં દયનીય હાલત ગુજારતા પત્થર તલાવડી વિસ્તારના રહિશો




વોર્ડ નં.૩માં વર્ષોથી શૌચાલય પર ખંભાતી તાળા.




પથ્થળ તલાવડીમાં પાણી અને શૌચાલયથી વંચિત રહીશો.



પથ્થળ તલાવડી વિસ્તારમાં સાફ-સફાઈ અને રસ્તાથી લોકો ત્રાહીમામ.



પથ્થળ તલાવડી વિસ્તારમાં ચોમાસા દરમ્યાન તલાવડીમાં પાણી ભરાતાં લોકો હેરાન-પરેશાન.



ભગવત નગરમાં ૩ વર્ષ અગાઉ મંજુર થયેલ આર.સી.સી. રોડ હજુ સુધી બન્યો નથી.



સહજાનંદ સોસાયટીમાં ગટરલાઇનના કામકાજ દરમ્યાન રોડ ઉપર ઢાકણો વ્યવસ્થિત બેસાડેલ નથી.



સહજાનંદ સોસાયટીમાં બી માસ અગાઉ બનેલ આર.સી.સી. રોડ તકલાદી હાલમાં.

ગોધરા,

માત્ર ને માત્ર પ્રજા માટે અને વિકાસ માટે લોકપ્રશ્નોને જાણવાનો વિનમ્ર પ્રયાસ સાથે બિનરાજકીય નિષ્પક્ષપણે રજુ કરતી શ્રેણીના ભાગરૂપ ગોધરા પાલિકાના વોર્ડ નં.૩ની મુલાકાત લેતાં લોકો એ પોતાની લાગણી વ્યકત કરી હતી.

ગત ટર્મ દરમ્યાન ચુંટાયેલા સભ્યો દ્વારા આ મત વિસ્તારમાં જુદા જુદા વિકાસના કાર્યો કરેલા છે. સિવિલ હોસ્પિટલના સામાન્ય ભાગના બહારપુરા થી વિશ્વકર્મા ચોક, વિકાસપથ, કલાલ દરવાજા,શાંતિનિવાસ સોસાયટી, પ્રભાકુંજ, ચોકી નં.૮, બસ સ્ટેન્ડ પાછળનો ભાગ, અંકલેશ્વર મહાદેવ રોડ, સહજાનંદ સોસાયટી, પત્થર તલાવડી થઈને ભગવત નગર થઈ દાહોદ રોડના તથા પ્રભા રોડ સુધીના વિસ્તાર પામીને વહેપારીઓ અને શિક્ષિત તથા મધ્યમ વર્ગીય ૧૦૦૯૮ મતદારો ધરાવે છે.

ગત વર્ષોમાં થયેલા કામો છતાંયે સ્થાનિક પ્રજા વધુ વિકાસ ઝંખી રહી છે. જેમાં વિવિધ સોસાયટીના આંતરીક રસ્તાઓની સુવિધા આપવાની માંગ કરવા સાથે નિયમીત સાફ સફાઈની જરૂરીયાત વ્યકત કરી હતી. સિવિલ હોસ્પિટલની સામેના ભાગમાં આવેલ બહારપુરા તથા અન્ય રહેણાંક વિસ્તારમાં પાલિકાના સફાઈ કર્મીઓ નિયમિતપણે સ્વચ્છતા માટે આવતાં ન હોવાની લોક બૂમો સંભળાઈ રહી છે. આ વિસ્તારમાંથી નગરના પ્રવેશ માર્ગ હોવાથી રાત-દિવસ મોટી સંખ્યામાં લોકોની અવરજવર રહે છે. એટલું જ નહિ અહીંના વિકાસ પથ, કલાલ દરવાજા, ગાંધી પેટ્રોલ પંપ, ચાંચર ચોક તથા બસ સ્ટેન્ડ વિસ્તારની પાછળના મોટી સંખ્યામાં દુકાનો ધરાવે છે. અને અહીં દુકાનો આવેલી હોવાના કારણે રોજીંદા જીલ્લાભરમાંથી ગ્રાહકો ખરીદી અર્થે આવતાં હોય છે. ત્યારે વહેપારીઓ વહેલી સવારે પોતાના વહેપાર ધંધા શરૂ કરવા સાથે પૂજા-અર્ચના કરવા વહેલા આવી જતાં હોય છે. પરંતુ દિનભર આમ તેમ નકામી ચીજવસ્તુઓ ફેંકાતી હોવાને લઈને કચરાના ઠેરઠેર જામેલા ઢગને સાફસફાઈ માટે સફાઈ કર્મીઓ પહોંચતા નથી. અને દુકાનના સામગ્રીને ગોઠવીને સજાવટ સાથે પૂજા દિવાબત્તીના સમય ટાણેજ વિલંબ થી સ્વચ્છતા કરવામાં આવતા વહેપારીઓ ભારે નારાજગી અનુભવે છે. વળી, ખૂણા ખાંચરે લોકો દ્વારા ફેંકાયેલા કચરાને પણ સફાઈ કરાતી ન હોવાની લોકો બૂમો પાડી રહ્યા છે.

આ વોર્ડમાં સહજાનંદ સોસાયટી વિસ્તાર મહત્વનો ગણવામાં આવે છે. સમગ્ર સોસાયટીમાં આશરે ૩૦૦૦ થી વધુ મતદારો રહે છે. અગાઉ ચોમાસા પૂર્વેથી જ અને ત્યારબાદ વરસાદી પાણીના ધોવાણ થી જ બનાવેલા રસ્તાઓ બિસ્માર બન્યા હતા. અનેકવાર રજુઆતો બાદ પાલિકા દ્વારા જુદા જુદા વિસ્તારોમાં રસ્તા બે માસ પૂર્વે બનાવીને મતદારોને ખુશ કરવામાં આવ્યા છે. પરંતુ લોકોના આક્ષેપ મુજબ ટેન્ડર મુજબ રસ્તાની સામગ્રી વ્યવસ્થીતપણે ઉપયોગ નહીં કરીને તકલાદી કામગીરી કરાઈ હોવાને લઈને ધીરેધીરે રેતી-કંકર બહાર આવવા માંડયા છે. કેટલાક સ્થળો એ ખાડા પણ સર્જાયા છે. ઉબડખાબડ બનેલા માર્ગને કારણે લોકોને પસાર થવામાં ભારે મુશ્કેલી પડવાની દહેશત સેવાઈ રહી છે. જો આ સર્જાયેલા ખાડાની મરામત કરવામાં નહીં આવે તો આગામી સમયમાં સંપૂર્ણપણે સામગ્રી બહાર આવીને તકલાદી રસ્તાની પોલ ખૂલે તે પૂર્વે પાલિકા દ્વારા વ્યવસ્થીત ઉપયોગ લાયક રસ્તો બનાવવામાં આવે તે જરૂરી છે. વળી, સાફ સફાઈ પણ નિયિમિત નહી કરાતા ઠેરઠેર ગંદકી-કચરાના ઢગલા નજરે પડે છે. ભૂર્ગભ ગટર લાઈનની કામગીરી કર્યા બાદ ઉપરના ઢાંકણા યોગ્ય રીતે બેસાડવામાં નહીં આવતાં રોજીંદા ગંદકી બહાર રસ્તા ઉપર રેલાઈને ગંદકીના તળાવ રચાતા લોકો પરેશાન અનુભવે છે.

### મત વિસ્તારના ઉમેદવારો

| નામ | પ્રકાર |
|---|---|
| અરૂણાબેન કોન્ટ્રાકટર | કોંગ્રેસ |
| ઉમંગ ચૌહાણ | આપ |
| ઉસ્માબેન પટેલ | ભાજપ |
| જયપ્રકાશ હરવાણી | ભાજપ |
| દિપેશસિંહ ઠાકોર | ભાજપ |
| ભાવનાબેન શાહ | ભાજપ |
| સુમિત્રાબેન ભગોરા | કોંગ્રેસ |
| અંકિત શાહ | અપક્ષ |
| ગૌરીબેન પટેલ | અપક્ષ |
| ચેતનકુમાર સામનાણી | અપક્ષ |
| પવન ત્રિવેદી | અપક્ષ |
| મોનીકાબેન રાજાઈ | અપક્ષ |
| વિક્રમભાઈ ચૌહાણ | અપક્ષ |
| વિક્રમ ચૌહાણ | અપક્ષ |

### મતદારોના સમીકરણ

| પુરૂષ: ૫૧૦૪ | સ્ત્રી : ૪૯૯૪ | કુલ : ૧૦૦૯ |
|---|---|---|

શિક્ષિત તથા મધ્યમવર્ગીય મતદારોનું પ્રભુત્વ.

શુકલ સોસાયટીમાં ગાયત્રી મંદિર આવેલું હોવાથી નગર માંથી મોટી સંખ્યામાં અનુયાયીઓ સવાર-સાંજ દર્શનાર્થે આવે છે. પરંતુ નિયમિતપણે આ વિસ્તારમાં પાણી પહોંચી શકયું નથી. આ શુકલ સોસાયટીની આસપાસની વિવિધ વિસ્તારોની સોસાયટીઓમાં પાલિકા દ્વારા પાણીની પાઈપ લાઈન આપી છે. પરંતુ આ વિસ્તાર ઉંચાઈ વાળો હોવાના કારણે પૂરતા પ્રમાણમાં ફોર્સથી પાણી મળી શકતું નથી. છેલ્લા ૧૦ વર્ષ ઉપરાંતથી અનિયમિત પીવાના પાણીની સમસ્યા હોવા અંગે મુશ્કેલી વેઠતા લોકોને ખાનગી બોરનો સહારો લેવો પડી રહ્યો છે. પાલિકામાં પાઈપ લાઈન સમતળ કરીને પૂરત જથ્થો નળ સુધી મળે તે માટે પાલિકામાં રજુઆત કરવા છતાં આજદિન સુધી કોઈ હકારાત્મક પરિણામ આવ્યું નથી.

આઈ.ટી.આઈ.વિસ્તાર પાસે આવેલા પ્રભા કોતર ગોધરા નગર પાલિકાની હદનો છેવાડાનો વિસ્તારમાં અનેક સોસાયટી આવેલી છે. ભૌગોલિક રીતે વિષમતા ધરાવતી આ સોસાયટીમા દર વર્ષે વરસાદી પાણીના નિકાલનો પ્રશ્ન ઉદ્દભવે છે. આઈ.ટી.આઈ. થી પૂર્વ વિસ્તારમાંથી આવતા વરસાદી વહેણ સીધા પ્રભા રોડ ઉપર ફંટાય છે. આ ઉપરાંત સીટી બેંક પાસેના ઢાળ મારફતે સમગ્ર આસપાસના વિસ્તારનું પાણી પણ રેલાઈને જ્યાં જગ્યા મળે ત્યાં વહેલ ફંટાય છે. સમગ્ર વિસ્તારનું પાણી આમ તેમ રેલાઈને ભગવત નગર કે જે નગરનો સૌથી નિચાણવાળો વિસ્તાર તરીકે ઓળખાય છે. જ્યાં સમગ્ર પાણી એકઠું થઈને મીની તળાવ આકાર લે છે. આ ભગવત નગરમાં એકત્રિત થયેલ વિપુલ પ્રમાણમાં વરસાદી પાણી ઘરોમાં ઘુસવાની સાથે દિવસો સુધી કાદવ-કીચડ સર્જાતો રહે છે. અહીં ત્રણ વર્ષ ઉપરાંતથી જાણવા મળ્યા અનુસાર પાકો રસ્તો મંજુર કરાયેલો છે. પરંતુ આજદિન સુધી આંતરીક નવા રસ્તાઓ માટે પાલિકા આજદિન સુધી ડોકાઇ નથી. જેના કારણે લોકોને પારાવાર મુશ્કેલી વેઠવી પડ્તા લોકો નારાજગી વ્યક્ત કરી રહ્યા છે.

વોર્ડ નં.૩ના સૌથી પછાત ગણાતો પત્થર તલાવડી વિસ્તાર છે. જ્યાં શ્રમજીવી અને અશિક્ષિત પરિવારો મોટી સંખ્યામાં રહે છે. અહીં આવાસ, નળ કનેકશન, સફાઈ ,સ્ટ્રીટ લાઈટ, દવા છંટકાવ, વ્યકિતગત શૌચાલય જેવી પાયાની સુવિ આપવામાં દર વર્ષે સભ્યો વચનો બાદ પણ ઊણા ઉતર્યા છે. લોકો માટે જાહેર શૌચાલય બનાવવામાં આવેલું છે. પરતું જ્યારથી બન્યું છે. ત્યારથી ખંભાતી તાળા મારેલા હોવાનો લઈને મહિલાઓ સહિત બાળકોને છેક રેલ્વે લાઈન કે કોલેજના મેદાનનો અંધારા સમયે સહારો લેવો પડતા ભારે મુસીબત અનુભવે છે. પત્થર તલાવડી વિસ્તારની આસપાસ રહેતા લોકો વર્ષોથી કાચા ઝુંપડામાં રહે છે. દર ચોમાસામાં સામાન્ય વરસાદમાં પાણી તલાવડીમાં ઉમેરાવાની સાથે તલાવડી છલોછલ બનવાની સાથે તેઓના કાચાં મકાનો ધરાશયી થવાની સાથે નુકશાન થતાં તેઓને ના છુટકે અન્યત્ર સલામતી ખાતર ચોમાસાના ચાર માસ ગુજારવા પડે છે. પ્રધાનમંત્રી આવાસ જેવી મહત્વકાંક્ષી યોજના હોવા છતાં નગર પાલિકા દ્વારા આવા બેઘર અને ગરીબ પરિવારોને છત પુરી પાડવામાં નહીં આવતા તેઓ અગવડતા અનુભવે છે. આમ, ચોમાસા સિવાયના સમયમાં તલાવડી પાણી વિના ખાલીખમ હોવાથી અહીં કાચાં ઝુંપડા બાંધીને મજબુરન રહે છે. કેટલાક ઘરોમાં નળ કનેકશન નહી અપાતા દુર દુર થી પીવાનું તથા વપરાશનું પાણી મેળવવું પડે છે. તળાવમાં તથા આસપાસ રહેણાંક વિસ્તારમાં સાફસફાઈ કરવામાં નહીં આવતાં કે દવા છંટકાવ પણ કરવામાં નહીં આવતાં મચ્છરોના ઉપદ્રવ રોગચાળાને નિમંત્રણ આપતા દ્રશ્યો સર્જાયેલા રહે છે. આમ, આ પત્થર તલાવડી વિસ્તારના લોકો નર્કાગાર સ્થિતીમાં દયનિય જીવન ગુજારી રહ્યા છે. તેમણે રોજગારી માટે પણ ફાંફા પડવાની સાથે અનેક સરકારી સહાયથી વંચિત બનેલા હોવાથી ચુંટાયેલા સભ્યો દ્વારા આગામી સમયમાં તેઓને પ્રમાણિકપણે ઉપલબ્ધ કરાવવાના પ્રાણ વચન લે તે જરૂરી જણાય છે.

## ગોધરા પાલિકાની ૧૧ વોર્ડની ૪૪ બેઠકોના મતદારો માટે EVM સજ્જ

### ૧૦૫ બુથ માટે ૧૦૫ EVM ૧૪ રીઝર્વ મળી ૧૧૯ EVM સીલ કરાયા

ગોધરા,

ગોધરા નગર પાલિકાની ચુંટણીને લઈ પ્રસાશન સજજ બન્યું છે. પાલિકાના ૧૦૫ બુથ માટેના ઈવીએમ મશીન સીલ કરવાની કામગીરિ હાથ ધરાઈ.

ગોધરા પાલિકાના ૧૧ વોર્ડની ૪૪ બેઠકો માટે ૨૮ ફેબ્રુઆરીના રોજ મતદાર પ્રક્રિયા હાથ ધરાનાર છે. પાલિકાની ૪૪ બેઠકો માટે ૧૮૭ ઉમેદવારો મેદાનમાં છે. ત્યારે ચુંટણીને લઈ પ્રસાશન દ્વારા તૈયારી કરવામાં આવી છે. ગોધરા પાલિકાના ૧૦૫ બુથ માટે ૧૦૫ ઈવીએમ મશીન તેમજ ૧૪ ઈવીએમ રીઝર્વ મળી ૧૧૯ ઈવીએમ મશીન સીલ કરવાની કામગીરી ગોધરા શહેર મામલતદાર પાલિકા ચીફ ઓફિસરની હાજરીમા કરવામાં આવી.

## ગોધરા ભુરાવાવ નિરંકાર ભવન પાસે ઉતરાથી ગટરને લઈ ગંદકીનું સામ્રાજય

ગોધરા,

ગોધરા શહેર ભુરાવાવ વિસ્તારમાં ધાર્મિક સ્થળ પાસે ગટર ઉભરાતાં ગંદકીનું સામ્રાજ્ય સ્વચ્છતા બાબતે પાલિકા તંત્રની બેદરકારીને લઈ લોકોમાં રોષ જોવા મળ્યો.

ગોધરા ભુરાવાવ ચોકડી પાસે આવેલ નિરંકારી ભવન પાસે છેલ્લા કેટલાય સમય થી ગટરો ઉભરાતી હોવાથી લોકો પરેશાન થઈ રહ્યા છે. ઉભરાતી ગટરો બાબતે પાલિકા તંત્રમાં રજુઆત છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. એક તરફ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વર છતાની સુફિયાણી વાતો કરીને ગર્વ લેવામાં આવે છે. પરંતુ તેની બીજી બાજુ કઈક અલગ નજરે પડે છે. પાલિકાના અધિકારીઓ ચેમ્બર માંથી બહાર નિકળીને લોકોની સમસ્યાને હલ કરવામાં ધ્યાન આવે તે જરૂરી છે. છેલ્લા લાંબા સમયથી ઉભરાતી ગટરોના પ્રશ્ને પાલિકા તંત્રની ઉદાસીનતા ભર્યા વલણને લઈ લોકોના રોષ જોવા મળી રહ્યો છે.

## શહેરામાં સરકારી અનાજનો જથ્થો બારોબાર

# ગેરવલ્લે કરવાના કૌભાંડમાં શહેરા મામલતદાર દ્વારા ત્રણ ઈસમો સામે ફરિયાદ



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા મામલતદારે અનાજ કોભાંડ ને લઈને ગોડાઉન મેનેજરને મુખ્ય આરોપી તેમજ અન્ય બે ઈસમો ને શકદાર તરીકે રાખીને પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. આ ફરિયાદમા સરકારી અનાજના જથ્થા ની વસૂલવા પાત્ર રકમ ૩કરોડ ૬૭ લાખ હોવાની ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

શહેરા મામલતદાર મેહુલ ભરવાડ અને જિલ્લા મામલતદાર પુરવઠા દેવળ દ્વારા શુક્રવાર ના રોજ શહેરા ના મામલતદાર કચેરી પાછળ આવેલા સરકારી અનાજ ના ગોદામો પર અચાનક છાપો મારી ને ત્યાં રાખવામાં આવેલો સરકારી અનાજનો હાજર જથ્થો તપાસમાં આવ્યો હતો. બન્ને ગોડાઉનમાં થઈને ઘઉનો બંધ જથ્થો ગણી જોતા ૨૬,૫૩૦ બોરિઓની જગ્યાએ ૧૩,૪૦૩ બોરિઓનો હાજર જથ્થો મળી આવ્યો હતો. આમ ૧૩,૧૨૭ બોરીઓનો જથ્થો બારોબાર ગેરવલ્લે થયાનું ધ્યાને આવ્યું હતું. તેજ રીતે ચોખાનો બંધ જથ્થો ગણી જોતા ૧૧,૬૮૯ બોરીઓની જગ્યા એ ૧૦,૩૯૧ બોરીઓ નો હાજર જથ્થો મળી આવ્યો હતો.આમ ૧૨૯૮ ચોખા ની બોરીઓ ની ઘટ સામે આવી હતી. ઘઉ અને ચોખાની આટલા મોટા જથ્થામાં બોરિયો બારોબાર ગેરવલ્લે કરવામાં આવી હોવાનું અનુમાન છે. જો ઘઉ અને ચોખાનીની ગેરવલ્લે થયેલ બોરીઓની કિંમત ગણવામાં આવે તો ૧કરોડ ૮૫લાખ ની થવા જઈ રહી છે. તેના કારણે રાજ્ય સરકાર ને આર્થિક નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. બીજી રીતે જોઈએ તો વ્યવસ્થા તંત્ર ને અસ્તવ્યસ્ત કરવાનું સુનિયોજિત કાવતરૂ ગણી શકાય જે અનુસંધાનમાં શનિવારના રોજ મામલતદાર મેહુલ ભરવાડ દ્વારા પોલીસ મથક ખાતે પહોંચી સરકારી અનાજના ગોડાઉનના ઈન્ચાર્જ મેનેજર કનૈયાલાલ નાગજીભાઈ રોત તેમજ ગોડાઉનમાં તપાસણી કરનાર સી.એ. ટીમ ના પ્રતિનિધિ (વિજય તેવર એન્ડ કંપનીના વિશાલ શાહ રહે વડોદરા) અને ડોર સ્ટેપ ડિલિવરી કોન્ટ્રાકટર રોયલ ટ્રાન્સપોર્ટ વતી આરીફ નુરૂલ અમીન શેખ રહે તાલુકા પંચાયતન શહેરાની બાજુમાં ની વિરૂદ્ધમાં ફરિયાદ નોંધાઇ હતી.જેમાં કનૈયાલાલ નાગજીભાઈ રોત ઈન્ચાર્જ ગોડાઉન મેનેજર ને મુખ્ય આરોપી અને બે ઈસમ અનુક્રમે વિશાલ અને આરીફ ને આ કૌભાંડમાં શકદાર તરીકે નો ફરિયાદ નોંધણીમાં ઉલ્લેખ કરાયો છે.આ અનાજ કૌભાંડમાં એક સરકારી કર્મચારી આરોપી હોવાના કારણે ઈપીકો કલમ ૪૨૦,૪૦૯,૧૨૦ (બી) તથા આવશ્યક ચીજ વસ્તુ ધારા કલમ ૩,૭ મુજબનો ગુનો નોંધ્યો છે.

### શહેરા મામલતદારની સુજબુજથી અનાજ કૌભાંડ ખુલવા પામ્યું

સામાન્યતઃ આવા કિસ્સામાં કે જયા સરકારી અનાજ ના ગોડાઉન આવેલા છે. તેની તપાસણી જિલ્લા મામલતદાર પુરવઠા દ્વારા કરવામાં આવતી હોય છે. પરંતુ શહેરામાં આનાથી એકદમ ઉલટી બિના બની કે શહેરા મામલતદાર મેહુલ ભરવાડ દ્વારા અનાજ કૌભાંડ બહાર લાવવામાં આવ્યુ છે.

### સરકારી અનાજની વસુલવા પાત્ર થતી રકમ ૩ કરોડ ૬૭ લાખ

શહેરાના સરકારી અનાજ ગોડાઉન માંથી અધધ કહી શકાય તેવી મોટી ૧ કરોડ ૮૫ લાખ જેટલી કિમંત નું અનાજ આ કૌભાંડના મુખ્ય આરોપી તેમજ અન્ય બે શક્દાર ઈસમો દ્વારા બારોબાર ગેરવલે કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત શનિવારના રોજ ફરિયાદ નોધાઈ હતી. આમ જોવા જઈએ તો સરકારી અનાજના જથ્થાની વસૂલવા પાત્ર રકમ ૩ કરોડ ૬૭ લાખ ને આબે છે.

શહેરા સરકારી અનાજના ગોડાઉનમા તારીખ ૨૭/૧/૨૧ ના રોજ જિલ્લા મામલતદાર પુરવઠા દ્વારા ઓડિટ કરવામાં આવેલ હતું. તેમાં સ્ટોક બરાબર હતો. પરંતુ શહેરા મામલતદાર દ્વારા તપાસ કરતા આટલા મોટી માત્રમાં ઘઉ અને ચોખામાં ઘટ મળી આવી હતી. તો શું હવે આ કિસ્સામાં કોણ શાહુકાર અને કોણ ચોર ! જિલ્લા મામલતદાર પુરવઠા સાચા કે પછી સરકારી અનાજ ના ગોડાઉન ના ઈન્ચાર્જ મેનેજર સાચા હાલના તબક્કે તો સરકારી અનાજ ગોડાઉન ના ઈન્ચાર્જ ગોડાઉન મેનેજર પોતે શાહુકાર હોવાનું જણાવે છે અને ટેકનિકલ ખામી ના કારણે થયું હોવાનું રટણ કરી રહ્યા છે.

- ગોડાઉન મેનેજર મુખ્ય આરોપી તેમજ અન્ય બે ઈસમો ને શકદાર તરીકે ફરિયાદમાં બતાવવામાં આવ્યા.
- કાયદાકીય રીતે વસૂલવા પાત્ર રકમ ૩ કરોડ ૬૭ લાખ ઉપરાંતની હોવાની ફરિયાદમાં ઉલ્લેખ.
- અનાજ કોભાંડ મામલતદાર મેહુલ ભરવાડ ના જણાવ્યા અનુસાર ૧ કરોડ ૮૫ લાખ થી વધુ.




તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા શ્રી દશા શ્રીમાળી ની વાડી માં દશા શ્રીમાળી વણિક જ્ઞાતિ વિકાસ મંડળ ગોધરા દ્વારા શ્રી રામ જન્મભૂમિ મંદિર નિર્માણ નિધિ સમર્પણ નો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. તેમાં દશા શ્રીમાળી વણિક સમાજ દ્વારા ચેક અને રોકડ રકમ મળીને આશરે ૬,૧૦,૦૦૦/-(છ લાખ દશ હજાર) જેટલી રાશિનું સમર્પણ કરવામાં આવેલ છે આ કાર્યક્રમ માં વિકાસ મંડળ ના પ્રમુખ, મંત્રી, કારોબારી સભ્ય અને સમાજ ના સૌ ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં આ કાર્યક્રમ માં શ્રી રામજન્મ ભૂમિ નિધિ સમર્પણ સમિતિ ના કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં રાખેલ હતો.

## કાલોલ હાઈવે વૃંદાવન હોટલ પાસે કાર ચાલકે એકટીવો ટકકર મારતાં બે મહિલાને ઈજાઓ

કાલોલ,

કાલોલ તાલુકાના દેલોલ વૃંદાવન હોટલ પાસે રોડ ઉપરથી પસાર થતી ઈનોવા કારના ચાલકે એકટીવા ચાલકને અડફેટમાં લેતાં બે મહિલાઓને ઓછી વધતી ઈજાઓ થવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના દેલોલ વૃંદાવન હોટલ પાસે રોડ ઉપર થી પસાર થતી ઈનોવા કાર નંબર જીજે.૦૬.પીએ.૧૪૭૪ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવ્યા હતા અને એકટીવાને અડફેટમાં લઈને ટકકર મારતાં એકટીવા ચાલક ડીમ્પલબેન સામંતસિંહ રાઠોડને મોઢાના ભાગે તેમજ હાથે ઈજાઓ પહોંચાડી હતી. જ્યાં કપીલાબેન જેણાભાઈ રાઠોડને કપાળના ભાગે ઈજાઓ પહોંચાડી કાર લઈ નાશી છુટતાં આ બાબત કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.